| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૨૬/૦૬/૨૦૨૪ | | |
| દાખલ તારીખ | : | ૨૬/૦૬/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | : | ૨૨/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૯ | ૨૬ |

## વાગરાનાં મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. વાગરા.

**ફોજદારી કેસ નંબર : ૧૩૧૧/૨૦૨૪**

**આંક :– ૫૮**

**ફરીયાદી :** શ્રી સરકાર,
વાગરા પોલીસ સ્ટેશન,
તા. વાગરા, જિ. ભરૂચ.

**વિરુધ્ધ.**

**આરોપી :** (૧) **હનીફ નિઝામ પઠાણ,**
ઉ. વ. ૫૪, ધંધો – ખેતી,
(૨) **નઝમા હનીફ પઠાણ,**
ઉ. વ. ૩૯, ધંધો – ઘરકામ,
બન્ને રહે. પાણીની ટાંકી પાસે આછોદ,
તા. આમોદ, જિ. ભરૂચ,
હાલ રહે. ગુલીસ્તાન સંજરી પાર્ક,
વાગરા, તા. વાગરા, જિ. ભરૂચ.

**ગુન્હો : ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩, ૧૮૬, ૧૧૪ મુજબ**

/ ફરીયાદી તરફે વિ. એ.પી.પી.................... શ્રી જે. જી. વસાવા //

// આરોપી તરફે વિ.વ........................... શ્રી એમ.જે.રાજ //

**:: ચુકાદો ::**

**(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–**

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામનાં ફરીયાદી પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન આરોપી હનીફ નિઝામ પઠાણ તથા તેની પત્ની નઝમાબેનને તેઓની બ્રેજા ગાડી નં. જીજે–૧૬–સી.એચ.–૧૫૫૫ ની ફરીયાદીએ ઉભી રાખવા ઈશારો કરવા છતા ગાડી ઉભી નહી રાખી જાણી જોઈને ફરીયાદીને ટકકર મારી ફરીયાદીને કમરનાં તથા ઢીંચણના ભાગે મુંઢ મારની ઈજા કરી આરોપીઓએ ઈ.પી.કોડની કલમ–૩૩૨, ૩૫૩, ૧૮૬, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

**(૨) પોલીસ કાર્યવાહી :–**

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ વાગરા પોલીસ સ્ટેશનમાં દાખલ કરતાં વાગરા પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૧૯૯૦૫૬૨૪૦૧ ૦૬/૨૦૨૪ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ વિરુધ્ધની દહેજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલા ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩, ૧૮૬, ૧૧૪ મુજબનાં ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

**(૩) કોર્ટ કાર્યવાહી :–**

આ કામે ત. ક. અધિકારીશ્રી દવારા આરોપીઓ સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા આરોપીઓ

તેમના વિધ્વાન વકિલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ સદર ગુનો વોરંટ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપીઓ સામે **આંક–૦૫** થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીઓનું સ્ટેટમેન્ટ **આંક–૦૬ અને આંક–૦૭** થી લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલો. જેથી સદર કામ પુરાવા પર રહેલ.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

**મૌખીક પુરાવો**

| **ક્રમ** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ દિલીપભાઈ ફતેસંગભાઈ રાણાની જુબાની | ૦૯ |
| ૨ | પંચ સાહેદ ભરતભાઈ ઠાકોરભાઈ રાઠોડની જુબાની | ૧૧ |
| ૩ | ફરીયાદી મહેશભાઈ ઠાકરશીભાઈ માલકીયાની જુબાની | ૧૪ |
| ૪ | પંચ સાહેદ સુરેશભાઈ મણીલાલ રાઠોડની જુબાની | ૨૫ |
| ૫ | પંચ સાહેદ અરવિંદભાઈ મોતીભાઈ વસાવાની જુબાની | ૨૭ |
| ૬ | હે.કો. પ્રક્ષેશકુમાર રમણભાઈ રાઠવાની જુબાની | ૩૧ |
| ૭ | પોલીસ સાહેદ ભોપાભાઈ ગફુરભાઈ ભુંડીયાની જુબાની | ૩૨ |
| ૮ | એ.એસ.આઈ. પ્રવિણભાઈ સોમાભાઈ તડવીની જુબાની | ૩૩ |
| ૯ | હે.કો. સુરેશજી હેમરાજજી ઠાકોરની જુબાની | ૩૪ |
| ૧૦ | પો.કો. કિરણકુમાર સંતોષભાઈ ઝાવરેની જુબાની | ૩૫ |
| ૧૧ | સાહેદ હશનભાઈ જીતસંગભાઈ રાજની જુબાની | ૩૭ |
| ૧૨ | પી.એસ.ઓ. પ્રવિણભાઈ માવજીભાઈ વાઘેલાની જુબાની | ૩૮ |

| | | |
|---|---|---|
| ૧૩ | ડો. મોહમદ અશરફ યુસુફભાઈ પટેલની જુબાની | ૪૩ |
| ૧૪ | ત.ક.અ. રણજીતસિંહ પોલાભાઈ પરમારની જુબાની | ૫૩ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનુ અસલ પંચનામું | ૧૦ |
| ૨ | અસલ ફરીયાદ | ૧૫ |
| ૩ | ફરીયાદીનાં ઓળખપત્રની ખરી નકલ | ૧૬ |
| ૪ | ફરીયાદીને વાહન ચેકીંગની ફરજ સોંપવામાં આવેલ તે અંગેની ફરજ સોંપણીનો હુકમની ખરી નકલ | ૧૭ |
| ૫ | વાગરા પો.સ્ટે. અમલદાર દવારા વડુ પો.સ્ટે. ખાતે વાયરલેસ મેસેજથી જાણ કરેલ ત મતલબનું મેસેજ ફોર્મની ખરી નકલ | ૧૮ |
| ૬ | પી.એસ.ઓ. વાગરા દવારા સી.પી.આઈ. જંબુસરને વિઝીટેશનમાં આવવા વાયરલેસ મેસેજથી જાણ કરેલ તે મેસેજની ખરી નકલ | ૧૯ |
| ૭ | વાગરા પો.સ્ટે.નાં પી.એસ.ઓ. એ સી.પી.આઈ. જંબુસરને કરેલ વાયરલેસ મેસેજની ખરી નકલ | ૨૦ |
| ૮ | આરોપીની શરીરસ્થિતીનું અસલ પંચનામું | ૨૬ |
| ૯ | તપાસ સોંપણીનો હુકમ અસલ | ૩૯ |
| ૧૦ | સ્ટે. ડાયરીની ખરી નકલ | ૪૦ |
| ૧૧ | ફરીયાદીનું સારવાર અંગેનું કેસ પેપર્સ અસલ | ૪૪ |
| ૧૨ | ફરીયાદીનું અસલ સારવાર સર્ટીફીકેટ | ૪૫ |
| ૧૩ | સારવાર સર્ટીફીકેટ મેળવવાની યાદી અસલ | ૪૬ |
| ૧૪ | સરકારી મોટરસાઈકલની આર.સી.બુકની નકલ | ૫૪ |

આ સિવાય ફરીયાદપક્ષે કોઈ પુરાવો આપેલ નથી અને ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીનાં આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીઓનું સી.આર.પી.સી. ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાનાં બચાવમાં કોઈ સાહેદને પણ તપાસેલ નથી. આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે, ''અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ, કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, અમોને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે.

(૬) **દલીલો :–**

સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી જે. જી. વસાવાની તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી એમ.જે.રાજની દલીલો સાંભળવામાં આવેલ છે તથા આરોપી તરફે રજુ રાખેલ નામ. વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના ચૂકાદા માનસહ વંચાણે લીધા.

(૭) આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**મુદ્દા નં.૧** :– શું ફરીયાદ પક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં ફરીયાદી પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન આરોપી હનીફ નિઝામ પઠાણ તથા તેની પત્ની નઝમાબેનને તેઓની બ્રેજા ગાડી નં. જીજે–૧૬–સી.એચ.–૧૫૫૫ ની ફરીયાદીએ ઉભી રાખવા ઈશારો કરવા છતા ગાડી ઉભી નહી રાખી જાણી જોઈને ફરીયાદીને ટકકર મારી ફરીયાદીને કમરનાં તથા ઢીંચણના ભાગે મુંઢમારની ઈજા કરી આરોપીઓએ ઈ.પી.કોડની કલમ–૩૩૨, ૩૫૩,

૧૮૬, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

**મુદ્દા નં.૨** :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** :– અંશત: હકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**મુદ્દા નં.૧**

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદ દિલીપભાઈ ફતેસંગભાઈ રાણાને **આંક–૦૯** થી તપાસેલ છે, તેઓને ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવતા તેમાં પંચ નં. ૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવતા હોય, જે પંચનામું **આંક–૧૦** થી રજુ કરવામાં આવેલ છે. સદર સહી તેઓએ વાગરા ડેપો પાસે કરેલી, કેટલા સમય પહેલા કરેલી તે હાલ તેઓને યાદ નથી. સદર પંચનામું શાં બાબતનું હતું તેની તેઓને ખબર નથી, પંચનામું તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેઓને વંચાવેલ નહી, આ સિવાય તેઓ કાંઈ જાણતા નથી. સદર પંચ સાહેદે ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં તેઓ એ હકિકત કબુલ કરે છે કે, તા. ૦૧/૦૩/૨૦૨૪ નાં રોજ પો.કો. મહેશભાઈ ઠાકરસીભાઈ કે જેઓ વાગરા પો.સ્ટે.માં નોકરી કરે છે તે તથા તેમનાં અન્ય પોલીસ કર્મીઓ સાથે તેઓ ઓરા ચોકડી વાગરા ગયેલા. તેઓ એ વાત કબુલ કરે છે કે,

ઓરા ચોકડી પર પોલીસ નાકાબંધી કરી વાહનો ચેક કરતી હતી તે દરમ્યાન એક ફોરવ્હીલ ગાડીને અટકાવતા તે ગાડી તેનાં ચાલકે ઉભી રાખેલ નહી અને આ ગાડીથી ત્યાં હાજર પોલીસ કર્મચારીને ટકકર મારીને ગાડીનો ચાલક જતો રહેલો એવો બનાવ બનેલો. તેઓ એ વાત કબુલ કરે છે કે, આ બનાવવાળી જગ્યા પર ઉત્તર દિશા તરફ ઓરા ચોકડીથી કેરવાડા ગામ તરફ જતો ડામર રોડ આવેલ છે અને તે રોડની જગ્યા છોડી પાણીની કાંસ આવેલી છે અને તે છોડીને મયુદ્દીનભાઈ રાજનું ઘર આવેલુ છે અને દક્ષિણ દિશામાં ઓરા ચોકડીથી વાગરા એસ.ટી. ડેપો તરફનો ડામર રોડ આવેલો અને આ રોડથી વીસ ફુટ છોડતા નુરાની કોમ્પલેક્ષ મકસુદભાઈ ખત્રીનું આવેલ છે અને પૂર્વ દિશામાં ઓરા ચોકડીથી ઓરા ગામ તરફ ડામરનો રોડ આવેલો છે અને તે રોડની જગ્યા છોડી હશનભાઈ જીતસંગ રાજનાઓની પાનની દુકાન આવેલી છે અને પશ્ચીમ દિશાએ ઓરા ચોકડીથી જી.ઈ.બી. ચોકડી તરફ જતો રોડ આવેલો અને તેની બાજુમાં વાગરા વાંટા નામનો વિસ્તાર આવેલો છે, આ જગ્યાનું પંચનામું તેઓની રૂબરૂમાં કરવામાં આવેલુ, જેમાં તેઓની સહી કરાવવામાં આવેલી.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરે છે કે, ઓરા ચોકડી પાસે તેઓનું મકાન આવેલ છે અને તેઓ ત્યાં જ રહે છે અને જેથી તેઓને આ જગ્યાની ચતુર્થદિશા ખબર છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, પંચનામું વાગરા પોલીસે ડેપો ઉપર તૈયાર કરીને તેમાં તેઓની સહી કરાવેલી. તેઓ એ વાત કબુલ કરે છે કે, પંચનામું તેઓએ લખાવેલ હોય તેમ બનેલ નહી.

(૧૦) ત્યારબાદ, ફરીયાદપક્ષે ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદ ભરતભાઈ ઠાકોરભાઈ રાઠોડને **આંક–૧૧** થી તપાસેલ છે, તેઓને આંક–૧૦ વાળુ પંચનામું બતાવવામાં આવતા તેમાં પંચ નં. ૨ તરીકે તેઓની સહી ઓળખી

બતાવે છે. સદર સહી તેઓએ વાગરા પો.સ્ટે.મા ચાર–પાંચ મહિના પહેલા કરેલી. સદર પંચનામું શાં બાબતનું હતું તેની તેઓને ખબર નથી, પંચનામું તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેઓને વંચાવેલ નહી, આ સિવાય તેઓ કાંઈ જાણતા નથી. સદર પંચ સાહેદે ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં તેઓએ પંચનામાની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

સદર પંચ સાહેદની આરોપીઓ તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૧)** ત્યારબાદ, ફરીયાદપક્ષે ફરીયાદી મહેશભાઈ ઠાકરશીભાઈ માલકીયાને **આંક–૧૪** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ આશરે સાંજના સાડા ચારેક વાગ્યાનાં અરસામાં વાગરા પો.સ્ટે. વિસ્તારમાં મુલેર ચોકડી પાસે લુંટનો બનાવ બનેલ હોય જે અનુસંધાને નાકાબંધી કરવામાં આવેલ હોય ઉપરી અધિકારીની સુચના આધારે તેઓ ઓરા ચોકડી ખાતે નાકાબંધી પોઈન્ટ ઉપર તેઓની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન સાંજના આશરે સવા પાંચેક વાગ્યે અનાર્મ હે.કો. ભોપાભાઈ ગકુરભાઈનાઓએ તેઓને ટેલીફોનીક જાણ કરેલ કે, આછોદ ગામનો હનીફ નિઝામ પઠાણ અને તેની પત્ની નઝમાબેન સફેદ કલરની બ્રેજા ગાડી નં. જીજે–૧૬–સી.એચ.–૧૫૫૫ ની લઈને શંકાસ્પદ હાલતમાં વાગરા એસ.ટી. ડેપો સર્કલથી ઓરા ચોકડી તરફ જાય છે જે ગાડીને ચેક કરવા જણાવેલ તે દરમ્યાન ઉકત સફેદ કલરની બ્રેઝા ગાડી વાગરા તરફથી આવતી જણાયેલ જે ગાડીનાં આગળનાં બન્ને કાચ ખુલ્લા હતા જે ગાડી હનીફ નિઝામ પઠાણ ચલાવતો હતો

અને તેની બાજુની સીટ ઉપર તેની પત્ની નઝમાબેન બેસેલા હતા અને આ હનીફ વિરૂધ્ધમાં અગાઉ આમોદ પો.સ્ટે.માં ગુનો દાખલ થયેલો હતો અને તે વાગરા ખાતે રહેતો હતો, જેથી તેઓ તેને ઓળખતા હતા અને તેઓએ તેમની ગાડીને ઉભી રાખવા હાથ વડે ઈશારો કરતા ડ્રાઈવર સીટની બાજુમાં બેસેલ હનીફની પત્ની નઝમાબેને તેમનાં હાથનો ઈશારો કરી ગાડી ઉભી રાખશો નહી અને ગાડી જવા દો તેમ હાથનો ઈશારો હનીફને કરેલો અને તેઓ બન્ને જણા જાણીજોઈને ગાડી ઉભી નહી રાખી ગાડીથી તેઓને ટકકર મારી નાસી ગયેલ અને તેઓને આ ગાડીની ટકકર મારતા કમરમાં તથા ઢીંચણનાં ભાગે મુંઢો માર વાગેલો, જેથી આ બાબતની જાણ તેઓએ વાગરા પો.સ્ટે. તેઓનાં અનાર્મ હે.કો. પ્રજ્ઞેશભાઈ રમણભાઈ, એ.એસ.આઈ. પ્રવિણભાઈ સોમાભાઈ તથા પો.કો. કિરણભાઈ વિગેરેનાઓને જાણ કરતા તેઓ આવી ગયેલા અને તેઓને સારવાર માટે વાગરા સરકારી દવાખાને લાવેલા, જયાં ડોકટરશ્રીએ તેઓની સારવાર કરેલી. ત્યારબાદ તેઓએ હનીફ નિઝામ પઠાણ તથા તેની પત્ની વિરૂધ્ધ વાગરા પો.સ્ટે.માં કાયદેસર થવા ફરીયાદ આપેલી, જે અસલ ફરીયાદ તેઓ રજુ કરે છે અને તેમાં ફરીયાદી તરીકે તેઓની સહી તથા રૂબરૂમાં પો.સ્ટે. અમલદાર પ્રવિણભાઈ માવજીભાઈની સહી ઓળખી બતાવતા હોય, જે ફરીયાદ **આંક–૧૫** થી રજુ કરવામાં આવેલ છે. ફરીયાદી વધુમા જણાવે છે કે, તેઓ ગુજરાત પોલીસમાં હાલ અ.હે.કો. તરીકે ફરજ બજાવે છે, તેઓની ગુજરાત પોલીસમાં તા. ૦૮/૦૮/૨૦૧૬ ના રોજ નિમણૂંક થયેલ છે અને તેઓને પોલીસ અધિક્ષક, ભરૂચ દવારા તેઓનું ઓળખપત્ર ઈસ્યુ કરવામાં આવેલ, જે ઓળખપત્રકની નકલ તેઓ રજુ કરે છે, જે તેઓનુ જ ઓળખપત્ર છે, જેમાં તેઓનો ફોટો તથા તેઓની વિગતો જણાવેલ છે તથા પોલીસ અધિક્ષક, ભરૂચની સહી છે, જે ઓળખપત્રને **આંક–૧૬** થી રજુ કરવામાં આવેલ છે. તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ કલાક ૧૬:૩૦ વાગ્યેથી બીજો હુકમ થતા સુધી

તેઓની ફરજ મુલેર લુંટ અનુસંધાને વાહન ચેકીંગ બંદોબસ્ત માટે ઓરા ચોકડી ફરજ સોંપવામાં આવેલ હતી જે અંગેનો પી.એસ.આઈ., વાગરા પો.સ્ટે. દવારા તેઓને લેખિતમાં તેઓની ફરજ સોંપણી કરતો હુકમ કરવામાં આવેલ હતો, જે હુકમની ખરી નકલ તેઓ રજુ કરે છે, જેમાં પો.સ.ઈ. વાગરા પો.સ્ટે. તરીકે શ્રી એ.કે. જાડેજાની સહી છે, ફરજ સોંપણીનો હુકમ **આંક-૧૭** થી રજુ કરવામાં આવેલ છે. તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ તેઓ તેમની ફરજ ઉપર મુલેર ચોકડી પાસે થયેલ છેતરપીંડી અનુસંધાને ઓરા ચોકડી પર વોચમાં હાજર હતા તે દરમ્યાન આરોપીઓ દવારા તેમની બ્રેઝા ગાડી નં. જીજે-૧૬-સી.એચ.-૧૫૫૫ થી તેમને અટકાવવા પ્રયત્ન કરતા તેમણે તેઓને ટકકર મારી નાસી છુટેલ હોય જે મતલબની તેઓએ વાગરા પો.સ્ટે.માં જાણ કરેલ હોય સદર બનાવ બાબતે આરોપીઓને ગાડી સાથે પકડવા વાગરા પો.સ્ટે. અમલદાર દવારા વડુ પો.સ્ટે. ખાતે વાયરલેસ મેસેજથી જાણ કરેલ, જે મતલબનો મેસેજ ફોર્મે રજુ કરે છે, જેમાં પો.સ્ટે.માં અમલદાર પ્રવિણભાઈની સહી તેઓ ઓળખી બતાવતા હોય, જે મેસેજ ફોર્મની ખરી નકલ **આંક-૧૮** થી રજુ કરવામાં આવેલ છે. વાગરા પો.સ્ટે. વિસ્તારમાં ગુ.ર.નં. ૧૦૫/૨૦૨૪, ઈ.પી.કો. કલમ-૩૯૪, ૩૨૩, ૧૨૦(બી) મુજબનો ગુનો બનેલ હોય જે મતલબની ફરીયાદી નિલ રવીન્દ્રકુમાર શાહનાઓએ ફરીયાદ આપેલ હોય જે ગુનાના કામે આરોપી હનીફ નિઝામ પઠાણ તથા અન્ય પાંચ આરોપીઓ સામેલ હતા જે ગુનાના કામે તેઓને ઓરા ચોકડી ખાતે ફરજ સોંપવામાં આવી હતી. આ ગુના અંગેનો વાયરલેસ મેસેજ કરી સી.પી.આઈ. જંબુસરનાઓને વિઝીટેશનમાં આવવા પી.એસ.ઓ. વાગરા દવારા જાણ કરવામાં આવેલી, જે વાયરલેસ મેસજની ખરી નકલ તેઓ રજુ કરે છે, જેમાં પી.એસ.ઓ. તરીકે પ્રવિણભાઈની સહી ઓળખી બતાવતા હોય, જેને **આંક-૧૯** થી રજુ કરવામાં આવેલ છે. તેઓએ તેમની ફરજમાં આરોપીઓએ રૂકાવટ

કરી તેઓને તેમની બ્રેઝા ગાડી નં. જીજે–૧૬–સી.એચ.–૧૫૫૫ થી ટકકર મારી તેઓને ઈજાઓ પહોંચાડેલ તે બાબતે ફરીયાદ આપેલ જે ફરીયાદ વાગરા પો.સ્ટે. પાર્ટ–એ ૦૧૦૬/૨૦૨૪, ઈ.પી.કો. કલમ–૩૩૨, ૧૮૬, ૧૧૪ મુજબનો ગુનો વાગરા પો.સ્ટે.નાં પી.એસ.ઓ. પ્રવિણભાઈ દવારા ગુનો દાખલ કરી તેની તપાસ એ.એસ.આઈ. શ્રી આર.પી. પરમારને સોંપેલ હતી અને આ બાબતે સી.પી.આઈ. જંબુસરનાઓને વાયરલેસ મેસેજ કરેલ હતો જે વાયરલેસ મેસેજની ખરી નકલ રજુ કરે છે, જેમાં પી.એસ.ઓ. પ્રવિણભાઈની સહી ઓળખી બતાવતા હોય, જે મેસેજની ખરી નકલને **આંક–૨૦** થી રજુ કરવામાં આવેલ છે. તેઓને બ્રેઝા ગાડી નં. જીજે–૧૬–સી.એચ.–૧૫૫૫ થી ટકકર મારનાર આરોપી હનીફ નિઝામ પઠાણ તથા તેની સાથે રહેલ તેની પત્ની નઝમાબેનને જોયેથી ઓળખે છે, જે પૈકી આરોપી હનીફ નિઝામ પઠાણને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે, જયારે તેની પત્ની નઝમાબેન નામ. કોર્ટમાં હાજર ન હોવાનું જણાવે છે.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓ સને–૨૦૨૨ થી વાગરા પો.સ્ટે.માં ફરજ બજાવે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, રોજ રાત્રે ૮ વાગ્યે રોલકોલ થાય છે અને કોની નોકરી કયાં પોઈન્ટ ઉપર રાખવાની હોય છે તે નકકી થાય છે. સાહેદ જણાવે છે કે, રેગ્યુલર રીતે રૂટીન મુજબ થતુ હોય છે. તેઓ વાગરા પો.સ્ટે.માં ઓગષ્ટ–૨૦૨૨ થી ફરજ બજાવે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, પો.સ્ટે. રોજ રાત્રે રોલકોલ થાય છે અને કયાં પોલીસ કર્મીએ કયાં ફરજ બજાવવાની છે તે નકકી થાય છે. તા. ૨૮/૦૨/૨૦૨૪ નાં રોજ તેઓની ફરજ પો.સ્ટે.માં ક્રાઈમ રાઈટર હેડ તરીકે હતી. તેઓની ફરજ બદલવાનો હુકમ તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ થયેલો અને તેઓની ફરજ બદલવાનો પત્ર ૧૬:૩૦ વાગ્યે મળેલો. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, કોઈપણ ઓફીશ્યલ પત્રની જાવક રજીસ્ટરમાં જાવક નંબર પાડવામાં આવે છે. સાહેદ જણાવે છે કે,

રજીસ્ટરમાં પત્રની નોંધ કરવામાં આવે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, ફરજ બદલીનો પત્ર તેઓએ તપાસ કરનારને આપેલ હોય તેમ બનેલ નહી. ઓરા ચોકડી તેઓ આશરે ૧૬:૩૫ કે ૩૭ વાગ્યે પહોંચેલા. તેઓ એ વાત કબુલ કરે છે કે, ઓરા ચોકડી ચોકકસ કંઈ જગ્યા પર ઉભા હતા તે ફરીયાદમાં જણાવેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, બનાવ સમયે તેઓ પોલીસ ગણવેશમાં હાજર ન હતા. તેઓ એ વાત કબુલ કરે છે કે, વાગરાથી કેરવાડા તરફ જતા બમ્પ આવેલ છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, ઓરા ચોકડી ઉપર આજુબાજુમાં દુકાનો, ચાની હોટલ આવેલ છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, તેઓને ફરજ દરમ્યાન વ્યકિતગત ડાયરી એટલે કે પેટ્રોલબુક રાખવાની હોય છે અને તેમાં જે કામગીરી કરે છે તેની નોંધ કરવાની હોય છે. બનાવ સમયે જે કામગીરી કરેલી તેની નોંધ તેઓએ પેટ્રોલ બુકમાં કરેલી. તેઓ એ વાત કબુલ કરે છે કે, જે પોલીસ કર્મીને જયાં ફરજ સોંપવામાં આવે તેની ડયુટી રજીસ્ટરમાં નોંધ કરવામાં આવે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, બનાવ પહેલા તેઓને આરોપીઓને મળવાનો તથા વાતચીત કરવાનો પ્રસંગ બનેલ નહી. તેઓ એ વાત કબુલ કરે છે કે, તપાસ કરનાર દવારા તેઓની પાસે આરોપીઓની ઓળખપરેડ કરાવેલ હોય તેમ બનેલ નથી. તેઓએ વાગરા સી.એચ.સી.માં સારવાર લીધેલી. તેઓ એ વાત કબુલ કરે છે કે, આંક–૧૬ વાળુ ઓળખપત્ર, આંક–૧૭ વાળુ ફરજનો હુકમનો હુકમ તેઓએ તપાસ કરનારને આપેલ નહી.

**(૧૨)** ત્યારબાદ, ફરીયાદપક્ષે પંચ સાહેદ સુરેશ મણીલાલ રાઠોડને **આંક–૨૫** થી તથા પંચ સાહેદ અરવિંદભાઈ મોતીભાઈ વસાવાને **આંક–૨૭** થી થી તપાસેલ છે, તેઓને તા. ૨૯/૦૨/૨૦૨૩ નાં રોજનું આરોપીની શરીરસ્થિતીનું તથા ગુનામાં વપરાયેલ ગાડી કબજે કર્યાનું પંચનામું બતાવવામાં આવતા તેમાં તેઓની સહી

ઓળખી બતાવતા હોય, જે પંચનામું **આંક–૨૬** થી રજુ કરવામાં આવેલ છે. આ પંચનામું શાં બાબતનું હતું તેની તેઓને ખબર નથી, તેઓ તેમની સહી સિવાય કાંઈ જાણતા નથી. સદર બન્ને પંચ સાહેદે ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં તેઓએ પંચનામાની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

સદર બન્ને પંચ સાહેદની આરોપીઓ તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૩)** ત્યારબાદ, ફરીયાદપક્ષે હે.કો. પ્રક્ષેશકુમાર રમણભાઈ રાઠવાને **આંક–૩૧** થી તથા એ.એસ.આઈ. પ્રવિણભાઈ સોમાભાઈ તડવીને **આંક–૩૩** થી તથા હે.કો. સુરેશજી હેમરાજજી ઠાકોરને **આંક–૩૪** થી તથા પો.કો. કિરણકુમાર સંતોષભાઈ ઝાવરેને **આંક–૩૫** થી તપાસેલ છે, સદર તમામ સાહેદો તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ તેઓ વાગરા પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે દરમ્યાન વાગરા પો.સ્ટે. વિસ્તારમાં મુલેર ચોકડી પાસે લુંટનો બનાવ બનેલો, જે અનુસંધાને નાકાબંધી કરવામાં આવેલ હોય અને તેઓ પો.સ્ટે.માં હાજર હતા તે દરમ્યાન સાંજના આશરે પાંચેક વાગ્યે પી.એસ.ઓ. વાગરા પો.સ્ટે.નાઓએ જાણ કરેલ કે, વાગરા પો.સ્ટે.માં ફરજ બજાવતા મહેશભાઈ ઠાકરશીભાઈનાઓ ઓરા ચોકડી નાકાબંધીમાં હતા તેમને હનીફ નિઝામ પઠાણ અને તેમની પત્ની નઝમાબેનનાઓએ પોતાની બ્રેઝા ગાડી નં. જીજે–૧૬–૧૫૫૫ થી અડફેટે લીધેલ કારણ કે, મહેશભાઈ ઠાકરશીભાઈએ નાકાબંધી દરમ્યાન તેઓને રોકવા જતા અડફેટે લીધેલા અને ગાડી લઈને ભાગી ગયેલ છે, જેથી તેઓ તમામ સાથે ઓરા ચોકડીએ ગયેલા,

જયાં મહેશભાઈ ઠાકરશીભાઈ બેઠેલા હતા, જેથી તેમને તેઓએ પુછતા તેમણે જણાવેલ કે, ''હે.કો. ભોપાભાઈ ગફુરભાઈએ ફોન કરી જણાવેલ કે, હનીફ નિઝામભાઈ અને તેમની પત્ની પોતાની બ્રેઝા ગાડી લઈને શકમંદ હાલતમાં જાય છે જેને રોકવા માટે જણાવેલ, જેથી હું આ હનીફભાઈની ગાડીને રોકવા જતા હનીફે પોતાની ગાડી ઉભી રાખેલ નહી અને અમોને અડફેટે લેતા પડી જતા ઢીંચણના ભાગે અને કમરનાં ભાગે મુંઢ મારની ઈજાઓ થયેલી છે.'' ત્યારબાદ તેઓ મહેશભાઈને વાગરા સરકારી દવાખાને સારવાર માટે લાવેલા, જયાં તેમની સારવાર કરેલી અને સારવાર કરાવ્યા બાદ પો.સ્ટે. આવેલા, જયાં મહેશભાઈએ આ હનીફ નિઝામ પઠાણ અને તેમની પત્ની નઝામાબેન વિરૂધ્ધ કાયદેસર થવા ફરીયાદ આપેલી, જે કામે તપાસ કરનારે તેઓનું નિવેદન નોંધેલુ.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરે છે કે, પો.સ્ટે.થી કોઈ ફરજનાં ભાગરૂપે બહાર કામગીરીમાં નિકળવાનું હોય ત્યારે સ્ટે. ડાયરીમાં તેની નોંધ કરવામાં આવે છે. તેઓ ઓરા ચોકડી ગયા તેની સ્ટે. ડાયરીમાં નોંધ કરાવેલી નહી. તેઓ એ વાત કબુલ કરે છે કે, તેઓ પરત આવ્યા તેની નોંધ સ્ટે. ડાયરીમાં કરાવેલી નહી. તેઓ એ વાત કબુલ કરે છે કે, કહેવાતો બનાવ તેઓની હાજરીમાં બનેલો હોય તેમ નથી.

**(૧૪)** ત્યારબાદ, ફરીયાદપક્ષે પોલીસ સાહેદ ભોપાભાઈ ગફુરભાઈ ભુંડીયાને **આંક–૩૨** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ બપોરનાં સુમારે મુલેર ચોકડી પાસે છેતરપીંડી તથા લુંટનો બનાવ બનવા પામેલો, જે અનુસંધાને વાગરા પો.સ્ટે વિસ્તારમાં નાકાબંધી કરવામાં આવેલ હોય તે દરમ્યાન તેઓને સાંજના આશરે પાંચેક વાગ્યા આસપાસ જાણવા મળેલ કે, આચ્છોદ ગામનાં રહીશ હનીફ નિઝામ પઠાણ અને તેનાં પત્ની

નઝમાબેન તેમની પોતાની સફેદ કલરની બ્રેઝા ગાડી નં. જીજે–૧૬–સી.એચ. –૧૫૫૫ માં શંકાસ્પદ હાલતમાં વાગરા એસ.ટી. ડેપોથી ઓરા ચોકડી તરફ જાય છે, જે હકીકત આધારે ચોકડી ઉપર નાકાબંધી પોઈન્ટ ઉપર હાજર પો.કો. મહેશભાઈને ફોન કરી સદર હકીકત બાબતે જાણ કરેલ, બાદમાં તેઓને જાણવા મળેલ કે, પો.કો. મહેશભાઈ ઠાકરશીભાઈએ સદર ગાડી ડેપો તરફથી આવતા રોકવાનો પ્રયત્ન કરેલ, પરંતુ ગાડીનાં ચાલક હનીફ નિઝામ પઠાણનાઓએ અડફેટે લેતા મહેશભાઈને કમરનાં ભાગે તથા ઢીંચણના ભાગે મુંઢ મારની ઈજા થયેલી. બાદમાં તેમને સારવાર માટે વાગરા સરકારી દવાખાને લઈ જવામાં આવેલ, જયાં તેમની સારવાર કરવામાં આવેલ. બાદમાં મહેશભાઈ દવારા સદર બ્રેઝા ગાડીનાં ચાલક હનીફ નિઝામ પઠાણ તથા તેમનાં પત્ની નઝમાબેન વિરૂઘ્ધ કાયદેસર થયા ફરીયાદ આપેલ, જે કામે તપાસ કરનાર અમલદાર દવારા તેઓનું નિવેદન નોંધવામાં આવેલ. તેઓ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ તેઓની ફરજ વાગરા પો.સ્ટે.માં હતી. આરોપીઓ શંકાસ્પદ હાલતમાં જાય છે તેવી જાણ તેઓને મુલેર ચોકડી વિસ્તારમાં નાકાબંધીમાં હતા તે દરમ્યાન થયેલી. વાગરા પો.સ્ટે.થી મુલેર ચોકડી ગયા તે બાબતે તેઓએ કોઈ સ્ટે. ડાયરીમાં નોંધ કરેલી નહી. તેઓ એ વાત કબુલ કરે છે કે, આરોપીઓ શંકાસ્પદ હાલતમાં જાય છે તેવી તેઓએ વાગરા પો.સ્ટે.માં જાણ કરેલી. તપાસનાં કામે તપાસ કરનારે તેઓનો મોબાઈલ ફોન માંગેલ નહી. તેઓ એ વાત કબુલ કરે છે કે, આ બનાવ બન્યો ત્યારે તેઓ મુલેર ચોકડી ખાતે હાજર હતા.

(૧૫) ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ હશનભાઈ જીતસંગભાઈ રાજને **આંક–૩૭** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે બારેક મહિના પહેલા બનેલો. તેઓ ઓરા ચોકડી વાગરા ખાતે પાન–બીડીની દુકાન ધરાવે છે અને વેપાર કરે છે. બનાવનાં દિવસે તેઓ તેમની દુકાને હાજર હતા તે વખતે બપોરનાં ટાઈમે ટ્રાફીક પોલીસ સામે રોડ ઉપર જે વાગરાથી આમોદ જતો રોડ છે તથા બીજી તરફનો રોડ વાગરાથી સમની તરફ જતો રોડ છે, જે વચ્ચે ઓરા ગામ આવે છે અને ત્યાં ચોકડી આવેલી છે તે જગ્યા ઉપર આ ટ્રાફીક પોલીસ તેમની ફરજ બજાવતી હતી, તે વખતે એક સફેદ કલરની ગાડી વાગરા તફરથી આમોદ તરફ જઈ રહી હતી તે વખતે પોલીસે તેને રોકવા માટે હાથ ઉંચો કરેલો તો ગાડી ચાલકે તેની ગાડી ઉભી રાખેલી નહી અને તે ટ્રાફીકનાં પોલીસ કર્મી પડી ગયા હતા અને તેઓએ પો.સ્ટે.માં જાણ કરતા પોલીસ આવેલી અને તેમને સારવાર અર્થે લઈ ગયેલી. આ ગાડીનો ચાલક કોણ હતો તેનું નામ તેઓને ખબર નથી, પરંતુ તે સમયે તે ગાડીમાં બે જણ બેસેલા હતા, જેમાં બાજુમાં એક મહિલા હતી, જેઓને જોયેથી તેઓ ઓળખી શકે. પોલીસે તેઓનુ નામ પુછેલુ જે કંઈ બનેલુ તે તેઓએ પોલીસને જણાવેલું.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓની આ દુકાન આમોદ અને સમનીના રોડની ચોકડી ઉપર આવેલી છે તે કંઈ દિશામાં છે તેની તેઓને ખબર નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓ દુકાનમાં ઉભા હોય અને તેઓને રોડ તરફ જોવું હોય તો વળીને જોવુ પડે. સાહેદ જણાવે છે કે, ચોકડી કમ્પલેટ દેખાય છે. આ બનાવ બપોરનાં સમયે બનેલો ચોકકસ ટાઈમ તેઓને ખબર નથી. તેઓ એ વાત કબુલ કરે છે કે, પોલીસને તેઓએ જાણ કરેલી. સાહેદ જણાવે છે કે, બે–ત્રણ જણા ઉભેલા હતા તેમનાં નંબરથી ફોન મારી દીધેલો. તેઓ એ વાત કબુલ કરે છે કે, જાણ

કરતા પોલીસ આવેલી અને તે જમાદારને પોલીસ ગાડીમાં બેસાડીને લઈ ગયેલી. બનાવનાં બીજા દિવસે પોલીસ તેઓની પુછપરછ કરવા આવેલી. તેઓ એ વાત કબુલ કરે છે કે, વાગરાથી ઓરા અને વાગરાથી આમોદ તરફ વાહનોની સતત અવરજવર થતી રહે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, સામે પાનનો ગલ્લો આવેલો છે તથા બાજુમાં વાળંદની દુકાન આવેલી છે.

**(૧૬)** ત્યારબાદ, ફરીયાદપક્ષે પી.એસ.ઓ. પ્રવિણભાઈ માવજીભાઈ વાઘેલાને **આંક–૩૮** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ તેઓ વાગરા પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે ફરજ પર હાજર હતા તે સમય દરમ્યાન અ.હે.કો. મહેશભાઈ ઠાકરશીભાઈનાઓ પો.સ્ટે.માં આવી ફરીયાદ આપેલ કે, ''અમો મુલેર ચોકડી પાસે લુંટનો બનાવ બનેલ હોય જે અનુસંધાને વાગરા ઓરા ચોકડી પાસે નાકાબંધીમાં હતા તે દરમ્યાન તેઓને અ.હે.કો. ભોપાભાઈનો ફોન આવેલ કે, એક બ્રેઝા ગાડી સફેદ કલરની જેનો નં. જીજે–૧૬–સી.એચ.–૧૫૫૫ ની શંકાસ્પદ હાલતમાં વાગરા એસ.ટી. ડેપો સર્કલ તરફથી ઓરા ચોકડી તરફ જાય છે તેને અટકાવી ચેક કરવા જણાવેલ તે દરમ્યાન ફરીયાદીએ સદર ગાડીને ઉભી રાખવા માટે ઈશારો કરેલ પણ ગાડી ઉભી રાખેલ નહી અને ફરીયાદીને ટકકર મારી કમરનાં ભાગે તથા ઢીંચણનાં ભાગે ઈજા પહોંચાડી ભાગી ગયેલ અને તેઓ વાગરા સી.એચ.સી. હોસ્પી.માં સારવાર કરાવી સદર બનાવની ફરીયાદ કરવા માટે આવેલા.'' જેઓની ફરીયાદ તેમનાં લખાવ્યા મુજબની લખી લઈ ફરીયાદમાં તેમની સહી કરેલી તથા રૂબરૂ અમલદાર તરીકે તેઓએ સહી કરેલી. તેઓને આંક–૧૫ વાળી ફરીયાદ બતાવવામાં આવતા જેમાં ફરીયાદી તરીકે અ.હે.કો. મહેશભાઈ ઠાકરશીભાઈની સહી તથા રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. ફરીયાદીની સદર ફરીયાદ

આધારે તેઓએ વાગરા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૦૬/૨૦૨૪, ઈ.પી.કો. કલમ–૩૫૩, ૩૩૨, ૧૧૪, ૧૮૬ મુજબનો ગુનો રજીસ્ટર કરી આ ગુનાની આગળની તપાસ એ.એસ.આઈ. રણજીતસિંહ તરફ ડેપ્યુટ કરેલ, જે તપાસનો હુકમ તેઓ **આંક–૩૯** થી રજુ કરે છે અને તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. વધુમાં જણાવે છે કે, સદર ગુનો રજીસ્ટર કરી તે અંગેની સ્ટે. ડાયરીમાં કલાક ૧૯:૦૦ વાગ્યે તા. ૨૯/૦૨/૨૦૨૪ થી કરેલ અને મુલેર ચોકડી ખાતે જે લુંટનો બનાવ બનેલ તેની ફરીયાદ કલાક ૧૮:૪૫ વાગ્યે જેમાં ભુલથી તા. ૨૯/૦૧/૨૦૨૪ લખાયેલ છે તે જાહેર થયેલ તે અંગેની પણ સ્ટે. ડાયરીમાં નોંધ કરેલ, તે સ્ટેશન ડાયરીની નોંધની ખરી નકલ રજુ કરે છે, જેમાં નોંધ કરનાર તરીકે તેઓની સહી ઓળખી બતાવતા હોય, સ્ટે. ડાયરીની નકલ **આંક–૪૦** થી રજુ કરવામાં આવેલ છે. સદર બનાવ બનતા આ ગાડીનો ચાલક ફરીયાદીને ટકકર મારી ભાગી ગયેલ હોય તે બાબતે તેને આગળ અટકાવવા બાબતે તેઓએ વાયરલેસ મેસેજ વડુ પો.સ્ટે.ને પાસ કરેલ, જે અંગેનો મેસેજ આંક–૧૮ થી રજુ છે, જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. સદર બનાવ બાબતે તેઓએ સી.પી.આઈ., જંબુસર તથા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચને જાણ કરેલી તે અંગેની યાદી આ કામે આંક–૨૦ થી રજુ છે, જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે તથા મુલેર ચોકડી વિસ્તારમાં જે લુંટનો ગુનો બનેલો તે કામે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જંબુસરને વિઝીટેશનમાં પધારવા વાયરલેસ મેસેજથી જાણ કરેલ જે આંક–૧૯ થી રજુ છે, જેમાં પી.એસ.ઓ. તરીકે તેઓની ઓળખી બતાવે છે. સદર હે.કો. મહેશભાઈને ઓરા ચોકડી ખાતે તેમની નાકાબંધીની તથા વાહન ચેકીંગની ફરજ દરમ્યાન સફેદ કલરની બ્રેઝા ગાડી નં. જીજે–૧૬–સી.એચ–૧૫૫૫ થી ટકકર મારનાર ગાડીનો ચાલક હનિફ નિઝામ પઠાણ અને તેની સાથે તેમનાં પત્ની હતા.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકતો

કબુલ કરે છે કે, દરેક પો.સ્ટે.માં રાત્રે ૮ વાગ્યે રોલકોલ થાય છે અને તેમાં કયાં પોલસ કર્મીએ કંઈ જગ્યાએદ ફરજ બજાવવાની છે તે નકકી કરવામાં આવે છે. તા. ૨૮/૦૨/૨૦૨૪ નાં રોજ અ.હે.કો. મહેશભાઈ ઠાકરશીભાઈની ફરજ પખાજણ ઓ.પી.માં હતી. તેમની ઓ.પી.માં નોકરી અંગેનો કોઈ સમય ફિકસ નથી અને ચોવીસ કલાકમાં કોઈ પણ બનાવ બને તો તેઓએ જવાનુ રહે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, કોઈપણ પોલીસ અધિકારી પો.સ્ટે.માંથી ફરજના ભાગરૂપે બહાર જાય તો તેની નોંધ સ્ટે. ડાયરીમાં કરવામાં આવે છે અને ફરજ પરથી પરત આવે તો તેની નોંધ પણ સ્ટે. ડાયરીમાં કરવામાં આવે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, સ્ટે. ડાયરીમાં શરતચૂકથી તા. ૨૯/૦૧/૨૦૨૪ લખાયેલ હોય તો ત્યાં ટુંકી સહી કરી સુધારી શકાય છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, સ્ટે. ડાયરીમાં શરતચૂકથી લખાયેલ તારીખ સુધારી ટુંકી સહી કરેલ નથી. તેઓ એ વાત કબુલ કરે છે કે, આ બનાવ અંગે તેઓને કોઈ જાતમાહિતી નથી.

**(૧૭)** ત્યારબાદ, ફરીયાદપક્ષે ડો. મોહમદ અશરફ યુસુફભાઈ પટેલને **આંક–૪૩** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૦૪/૦૩/૨૦૨૪ નાં રોજ તેઓ વાગરા સી.એચ.સી. ખાતે મેડીકલ ઓફિસર તરીકે તેઓની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન કલાક ૬:૩૦ વાગ્યે સાંજે દર્દી નામે મહેશભાઈ ઠાકરશીભાઈનાઓ સારવાર માટે તેઓની સમક્ષ આવેલ હતા, જેઓને ડાબા પગનાં ઘુંટણનાં ભાગે સાધારણ ઉઝરડાની ઈજા અને ઘુંટણનાં ભાગે એક ચકામુ મુંઢમારના લીધેલ થયેલ હતુ. સદર દર્દીને તેઓએ બહારના દર્દી તરીકે સારવાર આપેલ અને દર્દીએ જણાવેલ કે, તેમને હનીફ નિઝામ પઠાણ દવારા કારથી ટકકર મારવાની કોશીષ કરતા પોતે સ્વબચાવમાં કુદીને ખસી જતા ઈજાઓ થયેલ હોવાનું જણાવેલ. સદર દર્દીને સારવાર આપતા પહેલા તેનાં કેસ પેપર્સ

તેઓને તેમનાં હસ્તાક્ષરમાં તૈયાર કરેલ અને તેમાં દર્દીએ આપેલ હિસ્ટ્રી તથા દર્દીને થયેલ ઈજાનું વર્ણન તથા આપેલ સારવારની વિગત તેઓએ તેમનાં હસ્તાક્ષરમાં ભરેલ, જે કેસ પેપર્સની ઓફિસ કોપી રજુ કરે છે, જે તેઓની હોસ્પી.નાં રેકોર્ડમાંથી સાથે લાવેલ છુ, જે તેઓના હસ્તાક્ષરમાં છે, જેનો એમ.એલ.સી. નં. ૨૧ ૩૫, તા. ૦૪/૦૩/૨૦૨૪ નો છે તથા તેમાં સી.એચ.સી. વાગરાનો સિકકો છે, જે રજુ કરે છે, જેને કેસ પેપેર્સ બચાવપક્ષનાં વાંધા સહિત **આંક–૪૪** થી રજુ કરવામાં આવેલ છે. સદર દર્દીને સારવાર આપ્યા બાદ તેનું સારવાર સર્ટી. તેઓએ આપેલ, જે અસલ સર્ટી. રજુ કરે છે, જેમાં મેડીકલ ઓફિસર તરીકે તેઓની સહી અને હોસ્પી.નો સિકકો ઓળખી બતાવતા હોય, જે સારવાર સર્ટી. **આંક–૪૫** થી રજુ કરવામાં આવેલ છે. સદર મેડીકલ સર્ટી. વાગરા પો.સ્ટે.નાં એ.એસ.આઈ. શ્રી આર.પી. પરમાર દવારા તપાસના કામે તેઓની પાસેથી મેળવવા તે મતલબની યાદી પાઠવેલ, જે યાદી તેઓને તા. ૦૪/૦૩/૨૦૨૪ નાં રોજ મળેલ હતી, જે અસલ યાદી રજુ કરે છે, જેમાં એ.એસ.આઈ. શ્રી આર.પી.પરમારની સહી તથા યાદી સ્વીકારનાર તરીકે તેઓની સહી ઓળખી બતાવતા હોય, જે યાદી **આંક–૪૬** થી રજુ કરવામાં આવેલ છે.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, આંક–૪૫ વાળા સર્ટીફીકેટમાં હિસ્ટ્રી જણાવેલ નથી. આંક–૪૫ વાળા સારવાર સર્ટી.માં દર્દી કેટલા વાગ્યે સારવાર માટે આવેલ તે વિગત જણાવેલ નથી. તેઓ એ વાત કબુલ કરે છે કે, કોઈ વ્યકિત આકસ્મીક ચાલતી મો.સા. પરથી પડે તો મેડીકલ સટીફીકેટમાં જણાવ્યા મુજબની ઈજા સંભવી શકે. તેઓ એ વાત કબુલ કરે છે કે, આંક–૪૪ વાળુ કેસ પેપર્સ તેઓએ તપાસ કરનાર અમલદારને આપેલ નથી. તેઓ એ વાત કબુલ કરે છે કે, આંક–૪૪ વાળા કેસ પેપર્સમાં તેઓએ સહી કરેલ નથી.

(૧૮) ત્યારબાદ, ફરીયાદપક્ષે ત.ક.અધિકારી રણજીતસિંહ પોલાભાઈ પરમારને **આંક–૫૩** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ તેઓ વાગરા પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન હે.કો. મહેશભાઈ ઠાકરશીભાઈ વાગરા પો.સ્ટે.નાં ઓએ વાગરા પો.સ્ટે. વિસ્તારમાં મુલેર ગામ ખાતે લુંટનો બનાવ બનેલ હોય, જેથી ઉપરી અીધકારીની સુચના મુજબ વાહન ચેકીંગની ફરજ તેમને સોંપેલ હોય ઓરા ચોકડી ખાતે તે પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન અ.હે.કો. ભોપાભાઈ ગકુરભાઈનાઓને ટેલીફોનીક ફોન મહેશભાઈનાોને આવેલ કે, એક સફેદ કલરની બ્રેઝા ગાડી જેમાં હનીફ નિઝામ પઠાણ બેઠેલો છે તે વાગરા એસ.ટી. ડેપોથી ઓરા ચોકડી બાજુ આવે છે, તેવી ટેલીફોનીક જાણ થતા મહેશભાઈ ઠાકરશીભાઈએ ઓરા ચોકડી ખાતે આ સફેદ કલરની બ્રેઝા ગાડીને હાથ ઉંચો કરી રોકતા રોકાયેલ નહી અને ગાડીની ટકકર મારી તેઓ ગાડી સાથે નાસી ગયેલ અને આ ગાડીની ટકકર વાગવાથી મહેશ ઠાકરશીભાઈને કમરમાં તથા ઢીંચણના ભાગે મુંઢ માર વાગેલ, જેની જાણ તેમણે વાગરા પો.સ્ટે. કરતા એ.એસ.આઈ. પ્રવિણભાઈ, હે.કો. પ્રજ્ઞેશભાઈ, પો.કો. કિરણકુમાર, પો.કો. સુરેશજી હેમરાજજીનાઓ ગયેલ અને તેમને સરકારી દવાખાના વાગરા ખાતે સારવાર માટે લઈ જવામાં આવેલા અને આ બાબતે હે.કો.મહેશભાઈએ વાગરા પો.સ્ટે.માં પી.એસ.ઓ. પ્રવિણભાઈ રૂબરૂ ફરીયાદ આપેલ, જે ફરીયાદ પી.એસ.ઓ.એ. વાગરા પો.સ્ટે. ગુ.ર.નં . ૧૧૧૯૯૦૫૬૨૪૦૧૦૬/૨૦૨૪, ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩, ૧૮૬, ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી સદર ગુનાની આગળની તપાસ તેઓને ડેપ્યુટ કરેલ. તેઓ આંક–૩૯ વાળા ડેપ્યુટ હુકમમાં પી.એસ.ઓ. શ્રી પી.એમ. વાઘેલાની સહી ઓળખી બતાવે છે. આ ગુનાની તપાસ સંભાળી તેઓએ આ બનાવ સંદર્ભે

પી.એસ.ઓ. દવારા વડુ પો.સ્ટે.માં વાયરલેસ મેસેજથી આરોપીને હસ્તગત કરવા મેસેજ કરેલ હોય અને વડુ પોલીસ દવારા આરોપીને અટકાવવામાં આવેલ હોય, આરોપીને વડુ પો.સ્ટે. થી વાગરા ખાતે લાવવામાં આવેલ અને આરોપીઓને ક્રિ. પ્રો.કોડની કલમ–૪૧(એ) મુજબની નોટીસ આપવામાં આવેલ. બાદ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધી લઈ તપાસનાં કામમાં સામેલ રાખેલ તથા ગુનાના કામે બનાવ સ્થળની મુલાકાત લઈ ગુનાવાળી જગ્યાનું બે પંચો રૂબરૂ પંચનામું કરવામાં આવેલુ. તેઓ આંક–૧૦ વાળા પંચનામામાં તેઓની તથા બે પંચોની સહી ઓળખી બતાવે છે. બાદ આ કામે આરોપીઓની શરીરસ્થિતીનું તથા ગુનામાં વપરાયેલ વાહન સફેદ કલરની બ્રેઝા ગાડી નં. જીજે–૧૬–સી.એચ.–૧૫૫૫ કબજે કરેલ, જે પંચનામું બે પંચોની હાજરીમાં કરવામાં આવેલ. તેઓને આંક–૨૬ વાળુ પંચનામું બતાવવામાં આવતા તેમાં તેઓની તથા બે પંચોની સહી ઓળખી બતાવે છે. બાદ આ કામે ફરીયાદીએ વાગરા પો.સ્ટે.માં ફરજ દરમ્યાન નોકરી પત્રક, પેટ્રોલ બુક, સ્ટેશન ડાયરી, આઈકાર્ડ વિગેરે દસ્તાવેજી પુરાવા રજુ કરતા તમામ દસ્તાવેજો તપાસનાં કાગળો સાથે સામેલ રાખેલ. ત્યારબાદ ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ મેળવી તપાસનાં કામે સામેલ રાખેલ. તેઓને આંક–૧૬ વાળુ ફરીયાદીનું ઓળખપત્ર બતાવવામાં આવતા, જે ફરીયાદીનુ અ.હે.કો. તરીકેનું એસ.પી. ભરૂચ દવારા ઈસ્યુ કરવામાં આવેલ ઓળખપત્ર હોવાનું જણાવે છે. તેઓને આંક–૧૭ થી રજુ વાહન ચેકીંગ બંદોબસ્ત માટે ફરજ સોંપણી કરતો પી.એસ.આઈ. વાગરા એ.કે. જાડેજાનો હુકમ બતાવવામાં આવતા જેમાં પો.સ.ઈ. શ્રી એ.કે. જાડેજાની સહી ઓળખી બતાવે છે, જે હુકમ મુજબ ફરીયાદી હે.કો. મહેશભાઈની ફરજ ઓરા ચોકડી ખાતે વાહન ચેકીંગ માટેની હતી. તેઓને આંક–૪૦ થી રજુ સ્ટે. ડાયરીની નોંધ બતાવવામાં આવતા, જેમાં મુલેર ચોકડી ખાતે જે લુંટનો બનાવ બનેલો તેની નોંધ પી.એસ.ઓ. દવારા કરવામાં આવેલ હતી તે જ

છે. આ કામે ફરીયાદી હે.કો. મહેશભાઈને તેમની ફરજ દરમ્યાન સરકારી મો.સા. નં. જીજે–૧૬–ડી.એમ. ૭૯૪૭ ફાળવવામાં આવેલ હતી, જેની પેટ્રોલ બુકમાં તેમણે તે બાબતની નોંધ કરેલ હતી તે નોંધ આજરોજ રજુ કરે છે તથા સાથે સરકારી મો.સા.ની આર.સી.બુકની નકલ રજુ કરે છે, જેમાં સ્વપ્રમાણિપ કરનાર તરીકે મહેશભાઈ ઠાકરશીભાઈની સહી ઓળખી બતાવતા હોય, જેને આંક–૫૪ થી રજુ કરવામાં આવેલ છે. બાદ આ કામે મહેશભાઈ ઠાકરશીભાઈએ તેમને આ બનાવમાં થયેલ ઈજાઓ સબબ વાગરા સરકારી દવાખાનેસારવાર લીધેલ હોય તેમનુ સારવાર સર્ટીફીકેટ મેળવવા મેડીકલ ઓફિસર, સી.એચ.સી. વાગરાને યાદી પાઠવેલ. તેઓને આંક–૪૬ થી રજુ યાદી બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. સદર યાદી આધારે ઈજા પામનાર ફરીયાદીનુ સારવાર સર્ટી. મેળવી. તપાસનાં કામે સામેલ રાખેલ. બાદ તપાસનાં કાગળો વંચાણે લેતા આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા હોય, નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેઓ આરોપીઓને જોયેથી ઓળખે છે.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓએ ફરીયાદીની ફરીયાદ વાંચેલી. તેઓ એ વાત કબુલ કરે છે કે, બનાવ સ્થળે વાગરાથી ઓરા જતો તથા એક તરફ ખડખંડાલી જતો રોડ પડે છે. ઓરા ચોકડી આજુબાજુ શોપીંગ સેન્ટર તથા દુકાનો આવેલી છે અને વાહનોની અવરજવર થતી રહે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, બનાવ સ્થળે આવેલ શોપીંગ સેન્ટરનાં દુકાનદારોનું તેઓએ તપાસનાં કામે નિવેદન નોંધેલ નથી. સાહેદ જણાવે છે કે, શોપીંગ સેન્ટર છે, પરંતુ તે સમયે તે બંધ હાલતમાં હતુ. તેઓ એ વાત કબુલ કરે છે કે, ફરીયાદીનાં સારવાર સર્ટી.માં કેસ હિસ્ટ્રી જણાવેલ નથી. તપાસનાં કામે તેઓએ વડુ પોલીસનાં કોઈ પોલીસ કર્મીનું નિવેદન નોંધેલ નથી. તેઓ એ વાત કબુલ કરે છે કે, બનાવ સમયે ફરીયાદીની વાગરા પો.સ્ટે.માં ફરજ પર હાજર

થયે ત્રણ માસ જેટલો સમય થયેલ હતો. તેઓ એ વાત કબુલ કરે છે કે, આંક–૧૭ વાળા હુકમની નોંધ સ્ટે. ડાયરીમાં થયેલ નથી. સાહેદ જણાવે છે કે, નોકરી પત્રકનું રજીસ્ટર અલગ હોય છે, જેથી સ્ટે. ડાયરીમાં તેની નોંધ કરવાની હોતી નથી. તેઓ એ વાત કબુલ કરે છે કે, પો.સ્ટે.માં રોલકોલ કરવામાં આવે છે. રોલકોલ વખતે દરેક પોલીસ કર્મીની નોકરી નકકી થાય છે. સાહેદ જણાવે છે કે, આકસ્મીક કાયદો અને વ્યવસ્થા બાબતની વાત આવે ત્યારે ફેરફાર થાય છે. આ બનાવ બન્યો ત્યારે ફરીયાદીની ફરજ પોલીસ સ્ટેશન ખાતે હતી. તેઓ એ વાત કબુલ કરે છે કે, કોઈપણ ફરજ સોંપવામા આવે ત્યારે તેની જાણ તે પોલીસ અધિકારીને કરવામાં આવે છે.

**–:: કાયદાની જોગવાઈઓ અને પુરાવાનું મુલ્યાંકન ::–**

**(૧૯)** આ કામે આરોપીઓ સામે જે ધારાઓ અન્વયે ગુનાઓનો આક્ષેપ હોય તે ધ્યાને લેવામાં આવે તો ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩, ૧૮૬, ૧૧૪ મુજબનાં ગુનાનો આક્ષેપ છે.

**(૨૦)** આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ ધારાઓ અન્વયે સૌપ્રથમ **ઈ.પી.કો. કલમ–૧૮૬** ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**કલમ–૧૮૬ :–** **જાહેરકાર્ય કરતા જાહેરનોકરને અવરોધ:–**

- કોઈપણ વ્યકિત, કોઈ જાહેરનોકરને તેનાં જાહેર કાર્યો બજવવામાં સ્વેચ્છાપૂર્વક અવરોધ કરે તેને ત્રણ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા પાંચસો રૂપીયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

આ કામે ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા તેનાં જે મહત્વનાં આવશ્યક

તત્વો છે તે જોઈએ તો, (૧) જાહેરનોકર તેનું જાહેરકાર્ય બજવતો હોય, (૨) તેવા જાહેરનોકરને આરોપીએ અવરોધ કર્યો, (૩) આવો અપરાધ સ્વેચ્છાપૂર્વકનો હતો.

આમ, ઉકત જોગવાઈઓ સાથે રેકર્ડ ઉપરનાં પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, આ કામે હાલના આરોપી સામે જયારે આઈ.પી.સી.કલમ–૧૮૬ મુજબના ગુન્હાનો આક્ષેપ છે ત્યારે તે અંગે સી.આર.પી.સી.કલમ–૧૯૫ ની જોગવાઈ ધ્યાને લેવામા આવે તો, જયાં સુધી જેની ફરજમાં રુકાવટ થયેલ હોય તે રાજય સેવક કોઈપણ કોર્ટમા આ અંગે લેખીત ફરીયાદ ના આપે ત્યાં સુધી કોર્ટ આવા ગુન્હા અંગે (૧૮૬) વિચારણાં (કોગ્નીજન્સ) લઈ શકશે નહી તેવુ ઠરાવવામા આવેલ છે. તે જોગવાઈ આજ્ઞાત્મક સ્વરુપની છે. આ કામે રેકર્ડ ધ્યાને લેતા આ કામના ફરીયાદીએ તેમની ફરજમાં રુકાવટ અંગેની એફ.આઈ.આર. પોલીસ સ્ટેશનમા આપેલ છે અને આ અંગેની કોઈ લેખીત ફરીયાદ કોર્ટમા આપેલ નથી તે સંજોગોમાં આ કામના આરોપીઓને સી.આર.પી.સી.કલમ–૧૯૫ ની જોગવાઈ ધ્યાને લેતા આઈ.પી.સી. કલમ–૧૮૬ મુજબના ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૨૧)** વધુમાં આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ **ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩, ૧૧૪** ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

<u>કલમ–૩૩૨ :–</u> **જાહેર નોકરને પોતાની ફરજ બજાવતા અટકાવવા માટે સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવી.**

- કોઈપણ વ્યકિત, કોઈ જાહેર નોકરને એવી હેસીયતથી તે પોતાની ફરજ બજાવતો હોય ત્યારે અથવા તે જાહેર નોકરને કે અન્ય જાહેર નોકરને એવી હેસીયતથી પોતાની ફરજ બજાવતા અટકાવવા કે રોકવાનાં ઈરાદાથી અથવા તેણે એવા

જાહેરનોકરની હેસીયતથી પોતાની કાનૂની ફરજ બજાવતા કોઈ કૃત્ય કર્યુ હોય કે કરવાની કોશીષ કરી હોય તે કારણે એવા જાહેરનોકરને સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

આ જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, તેનાં જે આવશ્યક તત્વો છે તેમાં (૧) આરોપીએ જાહેરનોકરને વ્યથા પહોંચાડી હોય, (૨) આવી વ્યથા જાહેરનોકરને સ્વેચ્છાપૂર્વક પહોંચાડવામાં આવી હોય, (૩) આવી વ્યથા જાહેર નોકર જયારે તેની અધિકૃત ફરજ એ હેસીયતમાં બજાવતો હતો ત્યારે અથવા તે પોતાની ફરજ બજાવતા અટકે અથવા રોકાય જાય તેવા ઈરાદાથી અથવા તે જાહેર નોકરે તેની એવી હેસીયતમાં કાનૂની ફરજ બજાવતા કોઈ કૃત્ય કર્યુ હોય કે કરવાની કોશીષ કરી હોય તેને કારણે સ્વેચ્છાપૂર્વક વ્થયા પહોંચાડવામાં આવી હોય, તે મુજબનાં તેનાં આવશ્યક તત્વો છે.

**<u>કલમ–૩૩૨ :–</u>** **રાજય સેવકને પોતાની ફરજ બજાવતા રોકવા માટે હુમલો કરવા અથવા ગુનાહિત બળ વાપરવા બાબત.**

- જો કોઈ વ્યકિત, કોઈ રાજય સેવકને એવી હેસીયતથી પોતાની ફરજ બજાવતો હોય ત્યારે અથવા તેને એવા રાજય સેવકની હેસીયતથી પોતાની ફરજ બજાવતા અટકાવવાનાં કે રોકવાનાં ઈરાદાથી અથવા તેણે રાજય સેવકની હેસીયતથી પોતાની કાયદેસરની ફરજ બજાવતા કંઈ કૃત્યુ કર્યુ હોય કે કરવાની કોશીષ કરી હોય તેનાં પરીણામે તે રાજય સેવક ઉપર હુમલો કરે અથવા ગુનાહિત બળ વાપરે, તેને બે વર્ષની

મુદત સુધીની બેમાથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

આ જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, તેનાં જે આવશ્યક તત્વો છે તેમાં (૧) જેના ઉપર હુમલો થયો હોય તે વ્યકિત જાહેર સેવક રાજયસેવક હતો, (૨) તે વ્યકિત રાજય સેવક તરીકેની તેની ફરજના પાલનની રૂએ કાર્ય કરતી હતી, (૩) આવા રાજય સેવક વિરૂધ્ધ ગુનાહિત બળ અથવા હુમલો (i) તેને રાજય સેવક તરીકેની ફરજ બજાવતા અટકાવવા–રોકવા માટે કરેલો હોવો જોઈએ અથવા (ii) રાજય સેવક તરીકે કાયદેસરનાં ફરજનાં ભાગરૂપે રાજય સેવકે કરેલ કોઈ કૃત્ય અથવા તેનાં દવારા કરાનારા કોઈ કૃત્યનાં પ્રયત્નના પરીણામ રૂપે થયેલો હોવો જોઈએ, તે મુજબનાં તેનાં આવશ્યક તત્વો છે.

**<u>કલમ–૧૧૪ :–</u> ગુનો આચરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી.**

- પોતે હાજર ન હોય અને પોતે કરેલ મદદગારીનાં પરીણામે થયેલા જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઈ વ્યકિત સજાને પાત્ર થાય તેવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે તેમ ગણાશે.

**(૨૧.૧)** આમ, ઉપરોકત ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩ તથા ૧૧૪ ની જોગવાઈનું જે મહત્વનું તત્વ જોઈએ તો જાહેરનોકર તેની હેસીયતથી પોતાની ફરજ બજાવતો હોવો જોઈએ તે અન્વયે ફરીયાદી જાહેરનોકર હોવા સામે કોઈ પ્રશ્ન રહેલ નથી, પરંતુ આનું મહત્વનું જે તત્વ રહેલ છે તે અધિકૃત ફરજ હોવી જોઈએ તેમજ આરોપીનો ઈરાદો ગુનાહિત હોવો જોઈએ, ગુનાહિત બળ વાપરેલ હોવુ જોઈએ તેમજ એકબીજાની મદદગારી કરી હોવી જોઈએ, તે મહત્વનાં તત્વો રહેલા છે. આ

અન્વયે પુરાવાનું મુલ્યાંકન આ કેસ અન્વયે કરવામાં આવે તો, આ કામે **આંક–૧૦** થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદ દિલીપભાઈ ફતેસંગભાઈ રાણાને **આંક–૦૯** થી તપાસેલ છે, તેઓ સરતપાસનાં ભાગે ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં તેઓ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપે છે અને બનાવવાળી જગ્યાની ચતુર્થદિશાનું પણ વણર્ન કરે છે, પરંતુ ત્યારબાદ સદર પંચ સાહેદ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરે છે કે, ઓરા ચોકડી પાસે તેઓનું મકાન આવેલ છે અને તેઓ ત્યાં જ રહે છે અને જેથી તેઓને આ જગ્યાની ચતુર્થદિશા ખબર છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, પંચનામું વાગરા પોલીસે ડેપો ઉપર તૈયાર કરીને તેમાં તેઓની સહી કરાવેલી. તેઓ એ વાત કબુલ કરે છે કે, પંચનામું તેઓએ લખાવેલ હોય તેમ બનેલ ન હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. આમ, સદર પંચ સાહેદનાં પુરાવાથી પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલ હોવાનું અને તેઓએ પંચનામું લખાવ્યુ હોય તેવું બનેલ ન હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. આમ, સદર પંચ સાહેદનો પુરાવો સચોટ અને વિશ્વસનીય જણાય આવતો નથી. વધુમાં આંક–૧૦ વાળા ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં બીજા પંચ સાહેદને **આંક–૧૧** થી તથા **આંક–૨૬** થી રજુ થયેલ આરોપીની શરીરસ્થિતીનું તથા ગુનામાં વપરાયેલ ગાડી કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદોને **આંક–૨૫ અને આંક–૨૭** થી તપાસેલ છે, સદર પંચ સાહેદો ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી અને તેઓ પંચનામામ પોતાની સહી સિવાયની કોઈ હકીકત જાણતા ન હોવાનુ જણાવે છે. આમ, સદર પંચ સાહેદોનાં પુરાવાનાં આધારે આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

વધુમાં કામે ફરીયાદપક્ષે **આંક–૧૪** થી ફરીયાદી મહેશભાઈ ઠાકરશીભાઈ

માલકીયાને તપાસેલ છે, તેઓ પોલીસ ખાતામાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે વાગરા પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા એટલે કે જાહેર નોકર છે અને તે બાબતે તેઓએ પોતાના પુરાવામાં **આંક–૧૬** થી ઓળખપત્ર રજુ કરેલ છે, તે ધ્યાને લેતા પણ એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરીયાદી જાહેર નોકર છે. વધુમાં ફરીયાદી પોતાના પુરાવામાં જણાવે છે કે, તેઓ તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ સાંજના સાડા ચાર વાગ્યાનાં અરસામાં મુલેર ચોકડી પાસે લુંટનો બનાવ બનેલ હોય જે અનુસંધાને નાકાબંધી કરવામાં આવેલ હોય ઉપરી અધિકારીની સુચના આધારે તેઓ ઓરા ચોકડી ખાતે નાકાબંધી પોઈન્ટ ઉપર તેઓની ફરજ ઉપર હાજર હતા તેવી હકીકત જણાવે છે અને તે બાબતે ફરીયાદી **આંક–૧૭** થી ફરજ સોંપણીનો હુકમ રજુ કરે છે, તે ધ્યાને લેતા તેમાં ફરીયાદીને અનુ. નં. ૪ ઉપર નામ છે અને  તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ કલાક ૧૬:૩૦ વાગ્યેથી બીજો હુકમ થતા સુધી ફરીયાદીની ફરજ મુલેર લુંટ અનુસંધાને વાહન ચેકીંગ બંદોબસ્ત માટે ઓરા ચોકડી ફરજ સોંપવામાં આવેલ હતી તે અંગે વાગરા પી.એસ.આઈ.શ્રીએ હુકમ કરેલ હોવાની હકીકત જણાય આવે છે. વધુમાં ફરીયાદી તેમનાં પુરાવામાં જણાવે છે કે, તેઓ ઓરા ચોકડી ખાતે ફરજ ઉપર હતા તે દરમ્યાન સાંજના આશરે સવા પાંચેક વાગ્યે અનાર્મ હે.કો. ભોપાભાઈ ગફુરભાઈનાઓએ તેઓને ટેલીફોનીક જાણ કરેલ કે, આછોદ ગામનો હનીફ નિઝામ પઠાણ અને તેની પત્ની નઝમાબેન સફેદ કલરની બ્રેજા ગાડી નં. જીજે–૧૬–સી.એચ.–૧૫૫૫ ની લઈને શંકાસ્પદ હાલતમાં વાગરા એસ.ટી. ડેપો સર્કલથી ઓરા ચોકડી તરફ જાય છે જે ગાડીને ચેક કરવા જણાવેલ તે દરમ્યાન ઉકત સફેદ કલરની બ્રેઝા ગાડી વાગરા તરફથી આવતી જણાયેલ જે ગાડી હનીફ નિઝામ પઠાણ ચલાવતો હતો અને તેની બાજુની સીટ ઉપર તેની પત્ની નઝમાબેન બેસેલા હતા અને આ હનીફ વિરૂધ્ધમાં અગાઉ આમોદ પો.સ્ટે.માં ગુનો દાખલ

થયેલો હતો અને તે વાગરા ખાતે રહેતો હતો, જેથી તેઓ તેને ઓળખતા હતા અને તેઓએ તેમની ગાડીને ઉભી રાખવા હાથ વડે ઈશારો કરતા ડ્રાઈવર સીટની બાજુમાં બેસેલ  નઝમાબેને તેમનાં હાથનો ઈશારો કરી ગાડી ઉભી રાખશો નહી અને ગાડી જવા દો તેમ હાથનો ઈશારો હનીફને કરેલો અને તેઓ બન્ને જણા જાણીજોઈને ગાડી ઉભી નહી રાખી ગાડીથી તેઓને ટકકર મારી નાસી ગયેલ અને તેઓને આ ગાડીની ટકકર મારતા કમરમાં તથા ઢીંચણનાં ભાગે મુંઢો માર વાગેલો, જેથી આ બાબતની જાણ તેઓએ વાગરા પો.સ્ટે. તેઓનાં અનાર્મ હે.કો. પ્રજ્ઞેશભાઈ રમણભાઈ, એ.એસ.આઈ. પ્રવિણભાઈ સોમાભાઈ તથા પો.કો. કિરણભાઈ વિગેરેનાઓને જાણ કરતા તેઓ આવી ગયેલા અને તેઓને સારવાર માટે વાગરા સરકારી દવાખાને લાવેલા, જયાં ડોકટરશ્રીએ તેઓની સારવાર કરેલી. ત્યારબાદ તેઓએ આરોપીઓ વિરૂધ્ધ વાગરા પો.સ્ટે.માં ફરીયાદ આપેલ હોવાનું જણાવી ફરીયાદ **આંક–૧૫** થી રજુ કરે છે. આમ, ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો, તેઓ ફરીયાદ હકીકતો અને ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સંપૂર્ણ સમર્થનકારી પુરાવો આપે છે. વધુમાં ફરીયાદી પોતાનાં પુરાવામાં પોતાનુ પોલીસ કર્મચારી તરીકેનુ એસ.પી. ભરૂચ દવારા ઈસ્યુ કરવામાં આવેલ ઓળખપત્ર **આંક–૧૬** થી તથા ફરીયાદીને બનાવ સમયે ઓરા ચોકડી ખાતે વાહન ચેકીંગની ફરજ સોંપવામાં આવેલ તે અંગેનો પો.સ.ઈ. વાગરા પો.સ્ટે.નો હુકમ **આંક–૧૭** થી તથા સદર બનાવ બન્યા બાદ આરોપીઓને ગાડી સાથે પકડવા વાગરા પો.સ્ટે. અમલદાર દવારા વડુ પો.સ્ટે. ખાતે વાયરલેસ મેસેજથી જાણ કરેલ તે મેસેજ ફોર્મની નકલ **આંક–૧૮** થી તથા વાગરા પો.સ્ટે. વિસ્તારમાં લુંટનો બનાવ બનેલ તે બાબતે સી.પી.આઈ. જંબુસરને વિઝીટેશનમાં આવવા પી.એસ.ઓ.એ વાયરલેસ મેસેજ કરેલ તેની નકલ **આંક–૧૯** થી તથા ફરીયાદી સાથે જે બનાવ બનેલ તે બાબતે પી.એસ.ઓ. વાગરાએ સી.પી.આઈ. જંબુસરને વાયરલેસ મેસેજથી જાણ

કરેલ તેની નકલ **આંક–૨૦** થી રજુ કરેલ છે. આમ, ફરીયાદી ફરીયાદ હકીકતોને સંપૂર્ણપણે સમર્થનકારી પુરાવો આપે છે અને ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા પણ ફરીયાદીનાં પુરાવાને સમર્થન મળે છે. વધુમાં ફરીયાદીની આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદી જણાવે છે કે, તેઓની ફરજ બદલવાનો હુકમ તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ થયેલો અને તેઓની ફરજ બદલવાનો પત્ર ૧૬:૩૦ વાગ્યે મળેલો. ફરીયાદી કબુલ કરે છે કે, ઓરા ચોકડી ચોકકસ કંઈ જગ્યા પર ઉભા હતા તે ફરીયાદમાં જણાવેલ નથી, ઓરા ચોકડી ઉપર આજુબાજુમાં દુકાનો, ચાની હોટલ આવેલ છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, બનાવ પહેલા તેઓને આરોપીઓને મળવાનો તથા વાતચીત કરવાનો પ્રસંગ બનેલ નહી. તેઓ એ વાત કબુલ કરે છે કે, તપાસ કરનાર દવારા તેઓની પાસે આરોપીઓની ઓળખપરેડ કરાવેલ હોય તેમ બનેલ નથી. તેઓ એ વાત કબુલ કરે છે કે, આંક–૧૬ વાળુ ઓળખપત્ર, આંક–૧૭ વાળુ ફરજનો હુકમનો હુકમ તેઓએ તપાસ કરનારને આપેલ નહી. આમ, ફરીયાદીની ઉલટતપાસથી બચાવપક્ષને મદદકર્તા કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસથી એવો બચાવ લીધેલ છે કે, બનાવ પહેલા આરોપીઓને મળવાનો કે વાતચીત કરવાનો પ્રસંગ ફરીયાદીને બનેલ નથી અને આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી, પરંતુ ફરીયાદી સરતપાસમાં સ્પષ્ટપણે જણાવે છે કે, આરોપી હનીફ નિઝામ વિરૂધ્ધ અગાઉ આમોદ પો.સ્ટે.માં ગુનો નોંધાયેલ હતો અને આરોપી વાગરા મુકામે રહેતા હોય જેથી આરોપીને ઓળખે છે, જેથી બચાવપક્ષનો ઉકત બચાવ ટકવાપાત્ર નથી. વધુમાં ફરીયાદી પોતાનાં પુરાવામાં જણાવે છે કે, સદર બનાવ બનતા તેઓએ વાગરા પો.સ્ટે. તેઓનાં અનાર્મ હે.કો. પ્રજ્ઞેશભાઈ રમણભાઈ, એ.એસ.આઈ. પ્રવિણભાઈ સોમાભાઈ તથા પો.કો. કિરણભાઈ

વિગેરેનાઓને જાણ કરતા તેઓ આવી ગયેલા અને તેઓને સારવાર માટે વાગરા સરકારી દવાખાને લાવેલા તેવી હકીકત જણાવે છે, તે બાબતે હાલનાં કામે ફરીયાદપક્ષે **આંક–૩૧** થી તપાસેલ હે.કો. પ્રક્ષેશકુમાર રમણભાઈ રાઠવાનો તથા **આંક–૩૩** થી તપાસેલ એ.એસ.આઈ. પ્રવિણભાઈ સોમાભાઈ તડવીનો તથા **આંક–૩૪** થી તપાસેલ હે.કો. સુરેશજી હેમરાજજી ઠાકોરનો તથા **આંક–૩૫** થી તપાસેલ પો.કો. કિરણકુમાર સંતોષભાઈ ઝાવરેનો પુરાવો જોવામાં આવે તો, તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ તેઓ તમામ પો.સ્ટે.માં હાજર હતા તે દરમ્યાન સાંજના આશરે પાંચેક વાગ્યે પી.એસ.ઓ. વાગરા પો.સ્ટે.નાઓએ જાણ કરેલ કે, વાગરા પો.સ્ટે.માં ફરજ બજાવતા મહેશભાઈ ઠાકરશીભાઈનાઓ ઓરા ચોકડી નાકાબંધીમાં હતા તેમને હનીફ નિઝામ પઠાણ અને તેમની પત્ની નઝમાબેનનાઓએ પોતાની બ્રેઝા ગાડી નં. જીજે–૧૬–૧૫૫૫ થી અડફેટે લીધેલ કારણ કે, મહેશભાઈ ઠાકરશીભાઈએ નાકાબંધી દરમ્યાન તેઓને રોકવા જતા અડફેટે લીધેલા અને ગાડી લઈને ભાગી ગયેલ છે, જેથી તેઓ તમામ સાથે ઓરા ચોકડીએ ગયેલા, જયાં મહેશભાઈ ઠાકરશીભાઈ બેઠેલા હતા, જેથી તેમને તેઓએ પુછતા તેમણે જણાવેલ કે, ''હે.કો. ભોપાભાઈ ગફુરભાઈએ ફોન કરી જણાવેલ કે, હનીફ નિઝામભાઈ અને તેમની પત્ની પોતાની બ્રેઝા ગાડી લઈને શકમંદ હાલતમાં જાય છે જેને રોકવા માટે જણાવેલ, જેથી હું આ હનીફભાઈની ગાડીને રોકવા જતા હનીફે પોતાની ગાડી ઉભી રાખેલ નહી અને અમોને અડફેટે લેતા પડી જતા ઢીંચણના ભાગે અને કમરનાં ભાગે મુંઢ મારની ઈજાઓ થયેલી છે.'' ત્યારબાદ તેઓ મહેશભાઈને વાગરા સરકારી દવાખાને સારવાર માટે લાવેલા તેવી હકીકત જણાવે છે, જયારે સદર સાહેદો બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, તેઓ ઓરા ચોકડી ગયા તેની સ્ટે. ડાયરીમાં નોંધ કરેલ નહી અને પરત આવ્યા તેની સ્ટે. ડાયરીમાં નોંધ કરાવેલ નહી અને કહેવાતો બનાવ તેઓની હાજરીમાં

બનેલ ન હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે. પંરતુ ઉકત પોલીસ સાહેદો ભલે બનાવ સમયે હાજર ન હોય, પરંતુ ફરીયાદીનાં પુરાવાને અને ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપે છે અને ફરીયાદીની ઓરા ચોકડી ખાતે ફરજ હોવાની અને ફરીયાદીને તેઓ સારવાર માટે દવાખાને લઈ ગયેલ હોવાની હકીકત સદર સાહેદોનાં પુરાવાથી જણાય આવે છે. વધુમાં ફરીયાદી પોતાના પુરાવામાં જણાવે કે, તેઓ ઓરા ચોકડી ખાતે નાકાબંધીનાં કારણે વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન સાંજના આશરે સવા પાંચેક વાગ્યે અનાર્મ હે.કો. ભોપાભાઈ ગફુરભાઈનાઓએ તેઓને ટેલીફોનીક જાણ કરેલ કે, આછોદ ગામનો હનીફ નિઝામ પઠાણ અને તેની પત્ની નઝમાબેન સફેદ કલરની બ્રેજા ગાડી નં. જીજે–૧૬–સી.એચ.–૧૫૫૫ ની લઈને શંકાસ્પદ હાલતમાં વાગરા એસ.ટી. ડેપો સર્કલથી ઓરા ચોકડી તરફ જાય છે જે ગાડીને ચેક કરવા જણાવેલ તેવી હકીકત જણાવે છે, તે બાબતે હાલનાં કામે ફરીયાદપક્ષ તરફે **આંક–૩૨** થી તપાસેલ ભોપાભાઈ ગફુરભાઈનો પુરાવો જોવામાં આવે તો, તા. ૨૯/૦૨/૨૦૨૪ નાં રોજ બપોરનાં સુમારે મુલેર ચોકડી પાસે છેતરપીંડી તથા લુંટનો બનાવ બનવા પામેલો, જે અનુસંધાને વાગરા પો.સ્ટે વિસ્તારમાં નાકાબંધી કરવામાં આવેલ હોય તે દરમ્યાન તેઓને સાંજના આશરે પાંચેક વાગ્યા આસપાસ જાણવા મળેલ કે, આચ્છોદ ગામનાં રહીશ હનીફ નિઝામ પઠાણ અને તેનાં પત્ની નઝમાબેન તેમની પોતાની સફેદ કલરની બ્રેઝા ગાડી નં. જીજે–૧૬–સી.એચ.–૧૫૫૫ માં શંકાસ્પદ હાલતમાં વાગરા એસ.ટી. ડેપોથી ઓરા ચોકડી તરફ જાય છે, જે હકીકત આધારે ચોકડી ઉપર નાકાબંધી પોઈન્ટ ઉપર હાજર પો.કો. મહેશભાઈને ફોન કરી સદર હકીકત બાબતે જાણ કરેલ, બાદમાં તેઓને જાણવા મળેલ કે, પો.કો. મહેશભાઈ ઠાકરશીભાઈએ સદર ગાડી ડેપો તરફથી આવતા રોકવાનો પ્રયત્ન કરેલ, પરંતુ ગાડીનાં ચાલક હનીફ નિઝામ પઠાણનાઓએ અડફેટે લેતા

મહેશભાઈને કમરનાં ભાગે તથા ઢીંચણના ભાગે મુંઢ મારની ઈજા થયેલી તેવી હકીકત જણાવે છે. આમ, સદર સાહેદ ભોપાભાઈ ગફુરભાઈનાં પુરાવાથી પણ ફરીયાદીનાં પુરાવાને અને ફરીયાદ હકીકતોને સમર્થન મળે છે. જ્યારે સદર સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, સદર સાહેદ બનાવ વખતે મુલેર ચોકડી હતા તેવુ રેકર્ડ ઉપર આવેલ છે તે સિવાય બચાવપક્ષને મદદકર્તા કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ફરીયાદી તથા ઉકત પોલીસ સાહેદોનાં પુરાવાથી ફરીયાદી પોતાની જાહેર નોકર તરીકેની કાયદેસરની ફરજ ઉપર હાજર હતા ત્યારે આરોપી નં. ૧ હનીફ નિઝામનાઓએ પોતાની બ્રેઝા ગાડીથી ફરીયાદીને ટક્કર મારી ઈજા પહોંચાડેલ હોવાની હકીકત જણાય આવે છે અને ફરીયાદીનાં પુરાવાને ઉકત પોલીસ સાહેદોનાં પુરાવાથી પણ સમર્થન મળે છે, પરંતુ આરોપી નં. ૨ નાઓએ ગુનાના કામે ફરીયાદીની કાયદેસરની ફરજમાં કોઈ રૂકાવટ કરેલ હોય કે કોઈ ઈજા કરેલ હોય તેવી હોઈ હકીકત જણાય આવતી નથી.

વધુમાં **આંક–૩૭** થી તપાસેલ સ્વતંત્ર સાહેદ હશનભાઈ જીતસંગભાઈ રાજનો પુરાવો જોવામાં આવે તો, તેઓ ઓરા ચોકડી વાગરા ખાતે પાન–બીડીની દુકાન ધરાવે છે અને વેપાર કરે છે. બનાવનાં દિવસે તેઓ તેમની દુકાને હાજર હતા તે વખતે બપોરનાં ટાઈમે ટ્રાફીક પોલીસ સામે રોડ ઉપર જે વાગરાથી આમોદ જતો રોડ છે તથા બીજી તરફનો રોડ વાગરાથી સમની તરફ જતો રોડ છે, જે વચ્ચે ઓરા ગામ આવે છે અને ત્યાં ચોકડી આવેલી છે તે જગ્યા ઉપર આ ટ્રાફીક પોલીસ તેમની ફરજ બજાવતી હતી, તે વખતે એક સફેદ કલરની ગાડી વાગરા તફરથી આમોદ તરફ જઈ રહી હતી તે વખતે પોલીસે તેને રોકવા માટે હાથ ઉંચો કરેલો તો ગાડી ચાલકે તેની ગાડી ઉભી રાખેલી નહી અને તે ટ્રાફીકનાં પોલીસ કર્મી પડી ગયા હતા, બનાવ સમયે ગાડીમાં બે જણ બેસેલા હતા તેમાં બાજુમાં મહિલા હતી તેવી હકીકત

જણાવે છે. સદર સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, તેમાં બચાવપક્ષને મદદકર્તા કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવવા પામેલ નથી. આમ, સદર સ્વતંત્ર સાહેદ ઓરા ચોકડી ખાતે પોતાની દુકાને હાજર હતા ત્યારે ચોકડી ઉપર ટ્રાફીક પોલીસ તેમની ફરજ બજાવતા હતી અને તે દરમ્યાન એક સફેદ ગાડી આવેલ તેને ઉભી રાખવા પોલીસે હાથ ઉચો કરેલ, પરંતુ ગાડી ચાલકે ઉભી રાખેલ અને ટ્રાફીક પોલીસ કર્મી પડી ગયેલ હતા તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે, જેથી સદર સાહેદના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન મળે છે.

વધુમાં હાલનાં કામે ફરીયાદી મહેશભાઈને થયેલ ઈજાઓ બાબતે ફરીયાદપક્ષે **આંક–૪૩** થી ડો. મોહમદ અશરફ યુસુફભાઈ પટેલને તપાસેલ છે, તેઓ વાગરા સી.એચ.સી.માં ફરજ બજાવતા હતા, ત્યારે ફરીયાદી મહેશભાઈ ઠાકરશીભાઈને સારવાર માટે તેઓની પાસે લાવેલ, જેઓને ડાબા પગનાં ઘુંટણનાં ભાગે સાધારણ ઉઝરડાની ઈજા અને ઘુંટણનાં ભાગે એક ચકામુ મુંઢમારના લીધેલ થયેલ હતુ. સદર દર્દીને તેઓએ બહારના દર્દી તરીકે સારવાર આપેલ અને દર્દીએ જણાવેલ કે, તેમને હનીફ નિઝામ પઠાણ દવારા કારથી ટકકર મારવાની કોશીષ કરતા પોતે સ્વબચાવમાં કુદીને ખસી જતા ઈજાઓ થયેલ હોવાનું જણાવેલ તેવી હકીકત જણાવે છે અને ડો. સાહેદ ફરીયાદીનું કેસ પેપર્સ તેઓના હસ્તાક્ષરવાળુ **આંક–૪૪** થી તથા ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ **આંક–૪૫** થી રજુ કરે છે અને વાગરા પોલીસે ફરીયાદીનું સારવાર સર્ટી. મેળવવા કરેલ યાદી **આંક–૪૬** થી રજુ કરે છે. આમ, સદર ડો. સાહેદનાં પુરાવાથી પણ ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને સમર્થન મળી રહે છે અને ડો. સાહેદનાં પુરાવાથી પણ ફરીયાદી મહેશભાઈને સારવાર સર્ટીફીકેટમાં જણાવ્યા મુજબની ઈજા થયેલ હોવાની હકિકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ, ફરીયાદી તથા **આંક–૩૧, ૩૩, ૩૪, ૩૫**

નાં સાહેદોનાં પુરાવાને ફરીયાદીને થયેલ ઈજા બાબતે તબીબ સાહેદનાં **આંક–૪૩** નાં મૌખીક તથા **આંક–૪૪ અને આંક–૪૫** નાં સારવાર અંગેનાં દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળી રહે છે. સદર ડો. સાહેદોની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેવામાં આવે તો, આંક–૪૫ વાળા સર્ટીફીકેટમાં હિસ્ટ્રી જણાવેલ નથી અને આંક–૪૪ વાળા કેસ પેપર્સમાં તેઓએ સહી કરેલ નથી તેવી હકીકતનો સ્વીકાર કરે છે. પરંતુ ડો. સાહેદ સરતપાસમાં જણાવે છે કે, તેઓએ આં ક–૪૪ વાળા કેસ પેપર્સમાં ફરીયાદીએ જણાવ્યા મુજબની હિસ્ટ્રી તેઓનાં હસ્તારમાં લખેલ છે, જેથી આંક–૪૫ વાળા સર્ટીફીકેટમાં હિસ્ટ્રી ન હોવા માત્રથી અને આંક–૪૪ વાળા કેસ પેપર્સમા ડો. સાહેદની સહી ન હોવા માત્રથી જ ડો. સાહેદનાં પુરાવાને ડિસ્કાર્ડ કરી શકાય નહી.

વધુમાં **આંક–૩૮** થી તપાસેલ પી.એસ.ઓ.નો પુરાવો જોવામાં આવે તો, તેઓએ ફરજનાં ભાગરૂપે કરેલ કામગીરીનો પુરાવો આપેલ છે અને તેઓ પોતાના પુરાવામાં ફરીયાદીએ લખાવ્યા મુજબની ફરીયાદ લખેલ હોવાનું અને ફરીયાદ હકીકતોનું વર્ણન કરે છે અને તેઓએ હાલનાં બનાવની અને મુલેર ચોકડી લુંટનો બનાવ બનેલ તેની સ્ટે. ડાયરીમાં નોંધ કરેલ તે સ્ટે. ડાયરીની નકલ **આંક–૪૦** થી રજુ કરે છે અને મુલેર ચોકડીવાળા બનાવની સ્ટે. ડાયરીમાં ભુલથી તા. ૨૯/૦૧/૨૦૨૪ લખાયેલ છે તેવી હકીકત જણાવે છે તેમજ પી.એસ.ઓ. બનાવ બાદ આરોપીઓ ભાગી ગયેલ હોય તે બાબતે વડુ પો.સ્ટે.વાયરલેસ મેસેજ કરેલ તે આંક–૧૮ વાળા વાયરલેસ મેસેજમાં તથા સદર બનાવ બાબતે તેઓએ સી.પી.આઈ. જંબુસર અને પોલીસ અધિક્ષક ભરૂચને જાણ કરેલ તે આંક–૨૦ વાળી યાદીમાં તથા લુંટનાં ગુના બાબતે સી.પી.આઈ. જંબુસરને વિઝીટેશનમાં પધારવા વાયરલેસ મેસેજ કરેલ તે આંક–૧૯ માં તેઓની સહી ઓળખી બતાવે છે. આમ, ફરીયાદીએ પોતાના પુરાવામાં રીફર કરેલ

દસ્તાવેજોમાં પી.એસ.ઓ. પોતાની સહી ઓળખી બતાવે છે, જેથી સદર દસ્તાવેજોને નહી માનવાને કોઈ કારણ નથી. વધુમાં સદર પી.એસ.ઓ.ની બચાવપક્ષ કરેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, તેઓ એ વાત કબુલ કરે છે કે, કોઈપણ પોલીસ અધિકારી પો.સ્ટે.માંથી ફરજના ભાગરૂપે બહાર જાય તો તેની નોંધ સ્ટે. ડાયરીમાં કરવામાં આવે છે અને ફરજ પરથી પરત આવે તો તેની નોંધ પણ સ્ટે. ડાયરીમાં કરવામાં આવે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, સ્ટે. ડાયરીમાં શરતચૂકથી તા. ૨૯/૦૧/૨૦૨૪ લખાયેલ હોય તો ત્યાં ટુંકી સહી કરી સુધારી શકાય છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, સ્ટે. ડાયરીમાં શરતચૂકથી લખાયેલ તારીખ સુધારી ટુંકી સહી કરેલ નથી. આમ, સદર સાહેદે સ્ટે. ડાયરીમાં લુટનાં બનાવની તા. ૨૯/૦૧/૨૦૨૪ ભુલથી લખેલ છે તેવો સ્વીકાર કરે છે અને તેમાં સુધારો કરી ટુંકી સહી કરેલ નથી, પરંતુ હાલનાં કામે આંક–૪૦ થી રજુ થયેલ સ્ટે. ડાયરીની નકલ જોવામાં આવે તો, હાલના બનાવની પણ તેમાં નોંધ કરવામાં આવેલ છે અને ગુનો બન્યા તારીખ સમય અને સ્થળમાં તા. ૨૯/૦૨/૨૦૨૪ સાંજના આશરે સવા પાંચેક વાગ્યે ઓરા ચોકડી પાસે બનેલ હોવાનું જણાય આવે છે, જેથી બચાવપક્ષની ઉકત તકરાર સ્વીકારપાત્ર નથી. વધુમાં **આંક–૫૩** થી તપાસેલ ત.ક.અધિકારીઓનો પુરાવો જોવામાં આવે તો, તેઓએ ફરજનાં ભાગરૂપે કરેલ કામગીરીનો પુરાવો આપેલ છે અને તેઓનાં પુરાવામાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ હકિકતનું વર્ણન કરે છે, જયારે ત.ક.અધિકારી બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ સ્થળે આવેલ શોપીંગ સેન્ટરનાં દુકાનદારોનું તેઓએ તપાસનાં કામે નિવેદન નોંધેલ નથી. સાહેદ જણાવે છે કે, શોપીંગ સેન્ટર છે, પરંતુ તે સમયે તે બંધ હાલતમાં હતુ. તેઓ એ વાત કબુલ કરે છે કે, ફરીયાદી નં ા સારવાર સર્ટી.માં કેસ હિસ્ટ્રી જણાવેલ નથી. તપાસનાં કામે તેઓએ વડુ પોલીસનાં કોઈ પોલીસ કર્મીનું નિવેદન નોંધેલ નથી. પો.સ્ટે.માં રોલકોલ કરવામાં આવે છે.

રોલકોલ વખતે દરેક પોલીસ કર્મીની નોકરી નકકી થાય છે. સાહેદ જણાવે છે કે, આકસ્મીક કાયદો અને વ્યવસ્થા બાબતની વાત આવે ત્યારે ફેરફાર થાય છે તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે, તે સિવાય બચાવપક્ષે મદદકર્તા કોઈ જ હકિકત રેકર્ડ ઉપર આવેલ નથી.

વધુમાં બચાવપક્ષે ફરીયાદી તથા ત.ક.અધિકારીની ઉલટતપાસથી તથા દલીલમાં બચાવ લીધેલ છે કે, ફરીયાદી બનાવ સમયે પોલીસ યુનીફોર્મમાં ન હતા, સદર હકીકતોનો ફરીયાદી તથા ત.ક.અધિકારીએ ઈન્કાર કરેલ છે તેમજ આંક–૩૭ થી તપાસેલ સાહેદ હશનભાઈ જીતસંગનો પુરાવો ઘ્યાને લેવામાં આવે તો, ફરીયાદીની જયાં ફરજ હતી તે ઓરા ચોકડી ખાતે સદર સાહેદની દુકાન આવેલ છે અને સાહેદ તેમનાં પુરાવામાં જણાવે છે કે, બનાવ સમયે ઓરા ચોકડી ખાતે ટ્રાફીક પોલીસ તેમની ફરજ બજાવતી હતી, જેથી પણ માનવાને કારણ રહે છે કે, ફરીયાદી બનાવ સમયે યુનીફોર્મમાં હતા, જેથી બચાવપક્ષનો ઉકત બચાવ ટકવાપાત્ર નથી.

**(૨૧.૨)** આમ, સમગ્ર પુરાવો એક સાથે જોવામાં આવે તો, પુરાવામાં થોડાઘણા માઈનોર વિરોધાભાસ જણાઈ આવે છે, પરંતુ તેટલા માત્રથી ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સબળ પુરાવાને ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં હાલનાં કામે ગુનાવાળી જગ્યાનાં અને શરીરસ્થિતીનાં પંચનામાનાં પંચ સાહેદોએ પંચનામાની હકિકતોને સમર્થન આપેલ ન હોવા માત્રથી ફરીયાદપક્ષનો વિશ્વનીય જણાતો હોય તેવો પુરાવો ફકત એવા કારણોસર કાઢી નાંખવો ન જોઈએ કે પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થન આપતા નથી. હાલનાં કામે ફરીયાદી તથા આંક–૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૭ થી તપાસેલ સાહેદોનાં પુરાવાથી એ હકિકત નિ:શંકપણે સાબીત થાય છે કે, ફરીયાદી તેઓની કાયદેસરની જાહેર નોકરની ફરજ ઉપર હતા તે દરમ્યાન લુંટના બનાવ અનુસંધાને નાકાબંધીનાં કારણે વાહન

ચેકીંગની કામગીરી દરમ્યાન આરોપી નં. ૧ હનીફ નિઝામ દવારા ફરીયાદીને પોતાની ફરજ બજાવવા અટકાવવા માટે સ્વૈચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી તેમજ કાર દવારા ટકકર મારી ગુનાહિત બળ વાપરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોય , તે સંજોગોમાં આરોપી નં. ૧ સામેનો ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩ મુજબનો ગુનો પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોય તેવું અત્રેની અદાલતનું માનવું છે અને આરોપી નં. ૨ સામે ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩ મુજબનો ગુનો પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેવું અત્રેની અદાલતનું માનવું છે અને બન્ને આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૧૧૪ મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય તેવું અત્રેની અદાલતનું માનવું છે.

**(૨૨)** આમ, ઉપરોકત કરવામાં આવેલ તમામ ચર્ચા ધ્યાને લેતાં ફરીયાદપક્ષ બન્ને આરોપીઓ વિરૂધ્ધ **આંક–૦૫** વાળા તહોમતનામામાં ફરમાવ્યા મુજબના ઈ.પી.કો. કલમ–૧૧૪ નાં આક્ષેપો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેથી સદર બન્ને આરોપીઓને તેવા આક્ષેપમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા જોઈએ તેવું અત્રેની અદાલતનું માનવું છે અને આરોપી નં. ૨ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩ મુજબનો આક્ષેપ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેથી આરોપી નં. ૨ ને તેવા આક્ષેપમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું માનવુ છે, પરંતુ ફરીયાદપક્ષે આરોપી નં. ૧ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩ મુજબનો ગુનો વ્યાજબી શંકાથી પર પુરવાર કરેલ હોય, જેથી **મુદ્દા નં.૧** નો જવાબ ''**અંશત:હકારમાં**'' ઠરાવી ન્યાયનાં હિતમાં **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **–:: હુકમ ::–**

**(૧)** આ કામનાં આરોપી નં. **(૧) હનીફ નિઝામ પઠાણ,** રહે. પાણીની ટાંકી પાસે આછોદ, તા. આમોદ, જિ. ભરૂચ, હાલ રહે. ગુલીસ્તાન સંજરી પાર્ક, વાગરા, તા. વાગરા, જિ. ભરૂચનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**(૨)** આ કામનાં આરોપી નં. **(૨) નઝમા હનીફ પઠાણ,** રહે. પાણીની ટાંકી પાસે આછોદ, તા. આમોદ, જિ. ભરૂચ, હાલ રહે. ગુલીસ્તાન સંજરી પાર્ક, વાગરા, તા. વાગરા, જિ. ભરૂચનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૩૨, ૩૫૩ મુજબનાં ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામનાં આરોપી નં. **(૧) હનીફ નિઝામ પઠાણ, (૨) નઝમા હનીફ પઠાણ,** બન્ને રહે. પાણીની ટાંકી પાસે આછોદ, તા. આમોદ, જિ. ભરૂચ, હાલ રહે. ગુલીસ્તાન સંજરી પાર્ક, વાગરા, તા. વાગરા, જિ. ભરૂચનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૧૧૪ મુજબનાં ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી નં. ૧ ને સજા અંગે સાંભળવા મુલતવી રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તારીખ : ૨૨ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૨૨/૦૪/૨૦૨૬<br>સ્થળ : વાગરા | **( આર. સી. સોઢાપરમાર )**<br>એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, વાગરા,<br>કોડ નં. જી.જે. ૦૧૧૫૮ |

## –:: સજા અંગે સાંભળ્યા ::–

આ કામે આરોપી નં. ૧ ને સજા અંગે સાંભળવા મુલત્વી રાખવામાં આવેલુ. આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી જે. એચ. કાદરીએ રજુઆત કરેલ છે કે, આ કામના આરોપી પોતે કુટુંબ કબીલા વાળા માણસ છે અને તેઓ ઉપર તેમના કુટુંબની જવાબદારી છે અને આરોપીને ખોટી રીતે પોલીસ દવારા આ ગુનામાં સંડોવી દીધેલ છે. આરોપી ગરીબ વર્ગનાં છે, કુટુંબમાં એક જ કમાનાર વ્યકિત વિશેષ છે, જેથી પારીવારીક સ્થિતી સંજોગો ધ્યાને રાખી રહેમપૂર્વક ઓછામાં ઓછી સજા કરવા તથા આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૦ મુજબ પ્રોબેશનનો લાભ આપવા અરજ ગુજારેલ છે અને **આંક–૫૯** થી ક્રિ. પ્રો. કોડની કલમ–૩૬૦ મુજબ પ્રોબેશનનો લાભ આપવા માટે અરજી રજુ રાખેલ છે.

જયારે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી વસાવાનાઓએ રજુઆત કરેલ છે કે, આ કામના આરોપી ગુનાહીત પ્રવૃતી કરવા ટેવાયેલા છે અને તેઓ વિરુધ્ધ અન્ય માનવ શરીર વિરુધ્ધના તેમજ મિલકત વિરુધ્ધના ગુનાઓ દાખલ થયેલ છે આ ઉપરાંત આરોપી વિરુધ્ધ બી.એન.એસ. કલમ–૧૧૧ અન્વયે ઓર્ગનાઈઝ ક્રાઈમ સિન્ડીકેટ અન્વયેનો પણ ગુનો દાખલ થયેલ છે આમ આરોપી સતત ગુનાહીત પ્રવૃતી કરતા માથાભારે ઈસમ છે અને જયારે આરોપી સામેનો હાલનો ગુનો સાબીત થયો છે જે ગુનો ફરીયાદી પોલીસકર્મી તરીકે પોતાની જાહેર ફરજ બજાવતા હતા તે દરમ્યાન આરોપીએ ફરીયાદીને પોતાની બ્રેજા ગાડીથી ટકકર મારી ફરીયાદીને ઈજા પહોંચાડી કાયદેસરની ફરજ દરમ્યાન ફરીયાદી ઉપર હુમલો કરી ઈજા પહોંચાડલ છે તે સંજોગો ધ્યાને લેતા આરોપીને પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો સમાજમાં આવી ગુનાહીત પ્રવૃતી કરનાર લોકોને પ્રોત્સાહન આપવા બરાબર ગણી શકાય અને સમાજમાં ખોટો મેસેજ જાય તેમ છે અને આવા ગુનાહીત પ્રવૃતી કરનાર ઈસમો વિરુધ્ધ દયા કે રહેમ નજર રાખી શકાય નહી અને આવા

પ્રકારનાં ગુનાથી સમાજમાં ખોટી અસર ઉભી થાય છે, લોકોને સંસ્થા ઉપરથી વિશ્વાસ ઉડી જાય છે અને આવા લોકોને મહત્તમ કાયદામાં નિર્ધારીત સજા ફરમાવવા આવે જેનાથી સમાજમાં એક દાખલો બેસી શકે તે માટે અને આરોપી લુંટનો ગુનો કરી નાસી જઈ હાલનો ગુનો કરેલ હોય, જેથી આરોપીને પ્રોબેશન પર મુકત નહી કરતા કાયદામાં ઠરાવેલ જોગવાઈઓ મુજબની મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

આ કામે બન્ને પક્ષકારોની દલીલ ધ્યાને લીધી તથા સજાનો ઉદ્દેશ નજર સમક્ષ રાખી અત્રેની અદાલતનું એવું માનવું છે કે, સજા કરવાનો હેતું નજરમાં રાખીને ગુના બદલ સજા કરવી જોઈએ. કેવી સજા કરવી જોઈએ ? તે વ્યકિત સામે સાબીત થયેલા ગુના પર નિર્ભર રહેતું હોય છે. હાથ ઉપરનાં કિસ્સામાં આરોપીનાઓ લુંટનો ગુનો કરી પોતાની બ્રેઝા કાર લઈને જતા હતા ત્યારે ફરીયાદીએ પોતાની જાહેર નોકર તરીકેના ભાગરૂપે તેમને રોકવાનો પ્રયત્ન કરતા આરોપીએ પોતાની કાર વડે ફરીયાદીને ટકકર મારી ઈજા પહોંચાડેલ છે, તે પ્રમાણે આ ગુનાની ગંભીરતા છે.

હવે આરોપીએ પોતાનાં કૃત્યનો પસ્તાવો જાહેર કર્યો છે અને પોતાને પ્રોબેશનનો લાભ આપવામાં આવે તેવી વિનંતી કરી છે, પરંતુ આરોપી લુંટનો ગુનો કરી ભાગતા હતા ત્યારે ફરીયાદીએ જાહેર નોકર તરીકેની ફરજનાં ભાગરૂપે આરોપી નં. ૧ ને રોકવાનો પ્રયત્ન કરતા હાલનો બીજો ગુનો કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે અને આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૩૩૨, ૩૫૩ મુજબનો ગુનો પુરવાર થયેલ છે અને આરોપીએ કાર વડે ટકકર માર ફરીયાદીને ઈજા પહોંચાડેલ છે અને જાહેર નોકર ઉપર ગુનાહિત બળ વાપરેલ છે. આમ, આરોપીએ ગંભીર ગુનો કરેલ હોવાનું પુરવાર થયેલ છે. આવા પ્રકારનાં ગુનાથી સમાજમાં ખોટી અસર ઉભી થાય છે, જેથી આવા કિસ્સામાં યોગ્ય તે નશ્યત કરવી તે સમયની માંગ હોય આરોપીની ઉંમર,

વર્તણૂંક, કેસની હકિકતો અને સંજોગો જોતા આરોપી દવારા પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની જોગવાઈઓનો લાભ આપવા માટે વિનંતી કરવામાં આવી છે તે વિનંતી ગ્રાહય રાખવી જોઈએ નહી અને સમાજમાં દાખલો બેસે તેવો અને ન્યાયતો હેતું જળવાઈ રહે તેવો ન્યાયીક હુકમ ફરમાવવો જોઈએ તેવું અત્રેની અદાલતનું માનવું છે. આમ, આરોપીની પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ મુજબનો લાભ આપવાની **આંક–૫૯** ની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી. આમ, આરોપીને કાયદામાં ફરમાવેલ મહત્તમ સજા નહી કરતા ઓછી સજા કરવામાં આવે તો, ન્યાયનો હેતું જળવાઈ રહે તેવુ અત્રેની અદાલતનું માનવું છે, જેથી ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

(૧) આ કામનાં આરોપી નં. **(૧) હનીફ નિઝામ પઠાણ,** રહે. પાણીની ટાંકી પાસે આછોદ, તા. આમોદ, જિ. ભરૂચ, હાલ રહે. ગુલીસ્તાન સંજરી પાર્ક, વાગરા, તા. વાગરા, જિ. ભરૂચનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૩૨ અંતર્ગત ૦૨ (બે) વર્ષની કેદની સજા તથા આરોપીને રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૦૨ (બે) માસની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામનાં આરોપી નં. **(૧) હનીફ નિઝામ પઠાણ,** રહે. પાણીની ટાંકી પાસે આછોદ, તા. આમોદ, જિ. ભરૂચ, હાલ રહે. ગુલીસ્તાન સંજરી પાર્ક, વાગરા, તા. વાગરા, જિ. ભરૂચનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૫૩ અંતર્ગત ૦૧ (એક) વર્ષની

કેદની સજા તથા આરોપીને રૂ.૨,૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૦૧ (એક) માસની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ઉપરોકત ફરમાવવામાં આવેલ કેદની તમામ સજા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૭ મુજબ એકસાથે ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

**(૪)** આરોપી નં. ૧ કાચા કામના કેદી તરીકે કસ્ટડીમાં રહેલ હોય તો ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ અંતર્ગત તે સમય મજરે આપવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**(૫)** આ કામે આરોપી નં. ૧ ને ક્રિ.પ્રો. કોડની કલમ–૩૬૩(૧) અન્વયે આ હુકમની નકલ વિના મુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

**(૬)** આ કામે આરોપી નં. ૧ નાં જામીન તથા જામીનખત આથી રદૃ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૭)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપી નં. ૨ નાઓએ રૂા. ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ૬(છ) માસ માટે આપવા.

આ હુકમ આજરોજ **તારીખ : ૨૨ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૨૨/૦૪/૨૦૨૬<br>સ્થળ : વાગરા | **( આર. સી. સોઢાપરમાર )**<br>એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, વાગરા,<br>કોડ નં. જી.જે. ૦૧૧૫૮ |